

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH





સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૫
અંક ૪

મહા
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રજ્ઞાયોગ | ( શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી ) | ૪૯ |
| ૨ | દાની મેઘ | ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) | ૫૦ |
| ૩ | વાચક જશનાં નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા M. A. ) | ૫૨ |
| ૪ | સ્વાશ્રયી બનો : ૮ | ( અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૫૮ |
| ૫ | સાચી વિદ્યા | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૬૦ |
| ૬ | સત્તરભેદી પૂજા–સાર્થ (સંપૂર્ણ) | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૬૨ |
| ૭ | શ્રી જૈન આત્માનંદ સભાનો ૬૦ મો વાર્ષિક રિપોર્ટ | | |


## સ્વીકાર

**કાવ્યાનુશાસનમ્ :** પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર–બોટાદ (સૌરાષ્ટ્ર) ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૧૧૬, મૂલ્ય રૂા. ૨–૮–૦.

કાવ્યશાસ્ત્રના જુદા જુદા અંગો ઉપર કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન' લખીને ગુજરાતને ભાગ્યશાળી બનાવ્યું છે. તેઓશ્રીનો આ ગ્રંથ સાહિત્યપ્રેમી જનતામાં સુપ્રસિદ્ધ છે.

આ ગ્રંથ ઉપર આચાર્ય વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજે 'પ્રકાશ' નામની વિશદ ટીકા રચી છે, જેનો પ્રથમ ભાગ પ્રગટ થઈ ગયો છે. વિદ્યાર્થીઓને સાહિત્યમાં પ્રવેશ કરવાની સુગમતા રહે તે દૃષ્ટિએ આચાર્ય વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પં. સુશીલવિજયજી ગણિવર્યે 'કાવ્યાનુશાસન' ઉપર 'અવચુરિ' નામની ટીકા લખી છે. તે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ છે.

પ્રયાસ ઘણો સુંદર છે.

ગ્રંથ પ્રકાશન અંગે એક ગૃહસ્થ તરફથી મદદ મળી છે. એમ છતાં આ ગ્રંથની કીંમત રૂા. ૨–૮–૦ રાખવામાં આવેલ છે તે પ્રમાણમાં વધારે ગણાય.

**શ્રી નવતત્ત્વ પ્રકરણ :** ( પ્રથમ ભાગ ) પદ્યાનુવાદક અને વિવેચનકાર: આ. શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પં. મુનિશ્રી દક્ષવિજયજી ગણિવર્ય મહારાજ, પ્રકાશક શ્રી લાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર–બોટાદ (સૌરાષ્ટ્ર).

'નવતત્ત્વ' એ જૈન દર્શનનું મૌલિક પ્રતીક છે. આપણા પાઠ્ય-પ્રકરણો પૈકીનું એ એક મહત્ત્વનું અંગ છે.

આ પ્રકરણનો પં. શ્રી દક્ષવિજયજી મહારાજે પદ્યાનુવાદ આજથી પંદર વરસ પૂર્વે કરેલ અને તે કાવ્યાનુવાદ '**આત્માનંદ પ્રકાશ**'માં ક્રમશ: પ્રગટ કરવામાં આવેલ.

તમામ પદાર્થોને વધુ સ્પષ્ટ કરતું તેમજ વિજ્ઞાનની દૃષ્ટિએ તેની તુલના કરતું સરળ વિવેચન પણ પં. શ્રીએ લખ્યું છે જે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ છે.

આમ તો પ્રકાશક કહે છે તેમ આ ગ્રંથ ઘણા લાંબા ગાળે પ્રગટ થાય છે અને તે પણ સમયના અભાવે અધૂરો રાખવામાં આવેલ છે. એટલે આ ગ્રંથમાં નવતત્ત્વ મૂળ તેનો કાવ્યાનુવાદ અને અજીવતત્ત્વ સુધીનું વિવેચન રજૂ કરવામાં આવેલ છે. એટલે હજુ બાકીના સાત તત્ત્વોનું વિવેચન અપ્રગટ રહે છે.

પૂ. પં. શ્રીએ નવતત્ત્વના કઠણ વિષયને સફળ બનાવવાનો સારો પ્રયાસ કર્યો છે, તેમાં બાકીનો ભાગ હવે સત્વર પ્રગટ કરવામાં આવે તેમ ઇચ્છીએ છીએ.

અભ્યાસના ગ્રંથમાં જે અશુદ્ધિઓ રહેવા પામી છે તે જરૂર સાલે તેમ છે. હવેના પ્રકાશનો વધુ શુદ્ધ બને તેની કાળજી રાખવા પ્રકાશકને વિનંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ મહા [ અંક ૪

# પ્રજ્ઞાયોગ

આયુર્વેદમાં ચરકે ચાર પ્રકારના યોગ–વ્યવહાર ગણાવ્યા છે. હીનયોગ, અતિયોગ, મિથ્યાયોગ અને પ્રજ્ઞાયોગ. દેહના પોષણમાં જરૂરી પ્રમાણની કમી રહે તે પ્રકારનો વ્યવહાર તે હીનયોગ–ગજા ઉપરાંતનો ઉપભોગ કરવો તે અતિયોગ. ૠતુ, સમય, દેશ, સ્થળ, વય અનુસાર વિપરીત હોય તે પ્રકારનો વ્યવહાર તે મિથ્યાયોગ. આરોગ્ય અને દીર્ઘઆયુષ્ય ઇચ્છનારે આ ત્રણે પ્રકારના યોગોથી દૂર રહી દેહના પોષણ પરત્વે પ્રમાણસર વ્યવહાર રાખવાનો પ્રજ્ઞાયોગ કેળવવાની ભલામણ કરવામાં આવી છે.

આ સિદ્ધાંત જીવનના સર્વવિધ વ્યવહારને લાગુ પડે છે. સમય અને સ્થળ, શરીર અને બુદ્ધિ, કુટુંબ અને સમાજ, આદર્શ અને વ્યવહાર,–એ સર્વ સ્થિતિને ખ્યાલમાં રાખી જે પોતાની તમામ પ્રકારની રહેણીકરણીમાં હીનયોગ, અતિયોગ કે મિથ્યાયોગને વશ થયા વિના પ્રજ્ઞાયોગથી વર્તે છે તે જીવનમાં લાંબો વખત પરમ આનંદની અનુભૂતિ પામે છે. ગીતામાં પણ અકર્મ તેમજ વિકર્મ તજીને કર્મપરાયણ રહેવાનો બોધ આપેલો છે. અહિં અકર્મની સાથે અતિકર્મનો સમાવેશ ગણી શકાય. ધર્મશાસ્ત્રમાં ય ધર્મ, અર્થ અને કામમાં કોઇ એકના અલ્પસેવન કે અતિસેવનને તજી ત્રણે પુરૂષાર્થોનું પ્રમાણસર સેવન કરી મોક્ષના અધિકારી બનવાનું વિહિત કર્યું છે. ભગવાન બુદ્ધે પણ દેહદમન તેમજ વિષયભોગ એ બંને છેડા છોડી મધ્યમ માર્ગના આદર્શનો સાક્ષાત્કાર કરેલો. આ સમત્વયોગ એ પ્રજ્ઞાનું પરમ લક્ષણ છે. આ પ્રજ્ઞાયોગ એ સપ્રમાણ જીવનવ્યવહારનું પરમ લક્ષણ છે. આ યોગદ્વારા દેહ, મન અને આત્મા સત્, ચિત્ અને આનંદના અમૃતપદને પામે છે.

**શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાની મેઘ

[વસંતતિલકા છંદ]

આકાશમાં વિમલ ઉજ્વલ મેઘપંક્તિ
ધારે ઘણા વિવિધ રૂપ વિચિત્ર કાંતિ
દોડે જુઓ સમરમાં જિમ ઇંદ્રસેના
હુંકાર ઉગ્ર ધરતી ધરી રૂપ નાના. ૧.

એ ગર્જના મરૂતની નહીં કાર્યકારી
આપે ન તોય જગને ફલ શાંતિકારી
ગર્જે ન વર્ષણુ કરે અવનિ ન લાધે
આપે ન બિંદુ જલનું ધન અન્ન કાજે ૨

એવા ઘણા કૃપણ છે ધનિકો ધરામાં
છોડી ગયા ધન બધું નિજના ઘરોમાં
ગાજ્યા ઘણા પણ કદી નહીં એહ વર્ષ્યા
આપ્યું ન દાન પણ દાનવની જ ચર્ચા ૩.

બીજા ઘનો પણ દિસે બહુ શ્યામ વર્ણ
ધૂમાકૃતિ પ્રચૂર મંગલ તોયપૂર્ણ
એ નમ્રભાવ ધરતા અવનિ સમીપ
રાત્રિ કરે દિન છતાં થઇ ઇંદ્રરૂપ ૪.

ગર્જી કરે જનતણે બહુ હર્ષઘેલા
વિચમત્કૃતિ સુમંગલ મેઘમાલા
વર્ષે ધરાધર સુસાકૃતિ તોયમાલા
હર્ષે ભર્યા જન સહુ કૃષિ પુત્ર બાલા ૫.

એ દાનવીર જગમાં સહુ લોકમાન્ય
ને વંદ્ય પૂજ્ય ગમતા જગમાંહી ધન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મી ગણે ક્ષણિક ચંચળ ને અસાર
તેથી સુયોગ્ય વિનિયોગ કરે અપાર ૬.

દાને વધે બહુલ એ કમલા નિતાંત
વાધે સુપુણ્ય જગમાં વધતું અનંત
ત્યાગે બને જિમ જગપ્રિય મેઘરાજ
દાતા બને જગતમાં પ્રિય સૌખ્યભાજ ૭.

નિષ્કામ દાન જગમાં વખણાય નિત્ય
જે મેઘ તુલ્ય ગણવું બહુમાન્ય સત્ય
એ કીર્તિ ને ઉચિત વા અનુકંપનાથી
ધર્માર્થં ને અભયરૂપ સુદાન તેથી ૮.

માટે કરો પ્રચુર દાન જ મુક્ત હાથે
તે પુણ્ય ફક્ત રહેશે નિજ આત્મ સાથે
તે મેઘ સદ્ગુરુ બનો મમ દાન કાજે
બાલેન્દુ દાનમહિમા સ્વમુખે વિરાજે ૯.

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ

# સમાન દૃષ્ટિ

સર્વ જગત્ કર્મને જ આધીન છે એમ જાણીને ઉત્તમ પુરુષો સુખમાં હર્ષ પામતા નથી તેમ દુઃખથી બીતા નથી. કારણકે એમનો કોપાગ્નિ પર્વત સરખાનો પણ ક્ષણમાત્રમાં નાશ કરવાને શક્તિમાન છે એવા રાજાઓને પણ કર્મની વિચિત્રતાને લીધે અનેક વખત ભિક્ષાના સુદ્ધાં સાંસાં પડ્યા સાંભળ્યા છે. શુભ કર્મોનો ઉદય થયે છતે, કુળ કે જાતિ વગરનો પુરુષ પણ ક્ષણવારમાં મહાન રાજ્યસમૃદ્ધિને પામે છે. આમ કર્મસૃષ્ટિની વિષમતાને લીધે મહાત્મા પુરુષોનો તેના તરફ અનાદર હોય છે. પ્રથમ શ્રેણી પર ચડેલા શ્રુતકેવળી પણ અશુભ કર્મના ઉદયથી બહુલ સંસારી થાય છે. ત્યારે બીજાનું તો શું જ કહેવું ? સર્વ સામગ્રી નજીક જ પડી રહે છે અને કર્મવિપાક કાર્યના અંત સુધી પહોંચે છે. માટે કર્મ-વિપાકનું ધ્યાન કરતાં જે મહાત્માઓ સમાન દૃષ્ટિ ધારણ કરે છે તેઓ જ સચ્ચિદાનંદના ભોક્તા થાય છે.

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાચક જશનાં[1] નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**સ્તવનના વર્ગ**–વાચક યશોવિજય ગણિએ જેટલાં સ્તવનો રચ્યાં હશે એ બધાં સચવાઇ રહ્યાં છે કે નહિ એ પ્રશ્ન બાજુ ઉપર રાખીએ તો એમ કહી શકાય કે ગુજરાતીમાં અને હિન્દીમાં રચાએલી જે કૃતિઓને 'સ્તવન' તરીકે ઓળખાવાય છે તેની સંખ્યા ૧૬૦ની છે. એમાંનાં ઘણુંખરાં સ્તવનો તો ભક્તિ-પ્રધાન છે જ્યારે દાર્શનિક બાબતોને રજૂ કરનારાં સ્તવનો ગણ્યાંગાંઠયાં છે. એમાં નિશ્ચય-નય અને વ્યવહાર-નય વિષે મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડનારાં બે સ્તવનો છે. એ બંનેને **ગૂર્જર સાહિત્યસંગ્રહ**–(વિભાગ ૧)માં નિમ્ન લિખિત નામે સ્થાન અપાયું છે:–

(૧) નિશ્ચય વ્યવહારગર્ભિત શ્રી **શાંતિ-જિન-સ્તવન** (પૃ. ૧૯૭–૨૦૫)

(૨) નિશ્ચય વ્યવહારગર્ભિત શ્રી **સીમંધર-સ્વામી સ્તવન** (પૃ. ૨૦૬–૨૧૧)

**પરિમાણ**–આ પૈકી પ્રથમ સ્તવનમાં છ ઢાળ છે અને અંતે એક પદ્યનો 'કળશ' છે, જ્યારે બીજા સ્તવનમાં ચાર ઢાળ છે અને અંતે એક પદ્યનો 'કળશ' છે. પ્રથમ સ્તવનની ઢાળોની કડીઓની સંખ્યા નીચે મુજબ છે :—

૫, ૬, ૯, ૭, ૧૦ અને ૯.

દ્વિતીય સ્તવનની ઢાલોની કડીઓની સંખ્યા નીચે પ્રમાણે છે :—

૧૨, ૧૨, ૧૦ અને ૬.

આમ પ્રથમ સ્તવનમાં ઢાલ પૂરતી ૪૬ કડી છે, જ્યારે દ્વિતીયમાં ૪૦ કડી છે. આ બંને સ્તવનના ગ્રંથાગ્ર કોઇ સ્થળે નોંધાયેલા હશે. એ ઉપરથી બેમાં કયું મોટું છે તે જેમ ઝટ કહી શકાય તેમ બંને સ્તવનનાં પૃષ્ઠો વીગેરે જોતાં પણ કહી શકાય તેમ છે અને એ હિસાબે પ્રથમ સ્તવન દ્વિતીય કરતાં પરિમાણમાં મોટું છે, જો કે મારા નમ્ર મત પ્રમાણે મહત્તામાં તો દ્વિતીય સ્તવન ચડિયાતું છે.

**દેશી અને રાગ**–પ્રથમ સ્તવનની છ યે ઢાલ ભિન્ન ભિન્ન દેશીમાં રચાયેલી છે. પહેલી ઢાલ માટે કોઇ દેશી કે રાગના નામનો પણ ઉલ્લેખ નથી. દ્વિતીય સ્તવનની ઢાલ પણ ભિન્ન ભિન્ન દેશીમાં રચાયેલી છે. બીજી અને ત્રીજી ઢાલ માટે દેશીનો ઉલ્લેખ છે, જ્યારે પહેલી માટે "મારૂણી" નામના રાગનો ઉલ્લેખ છે. ચોથી ઢાલ માટે નથી દેશીનો ઉલ્લેખ કે નથી રાગનો.

**ન્યૂનતા**–આમ જે બંને સ્તવનોમાં ન્યૂનતા છે તે આ વિષયના નિષ્ણાતને હાથે દૂર થવી ઘટે. આ બંને સ્તવનની હાથપોથીઓ તપાસાય તો એ દ્વારા પણ ખૂટતી માહિતી મળી રહેવા સંભવ છે.

**કર્તા**—આ લેખના શીર્ષકમાં સુચવાયા મુજબ બંને સ્તવનોના કર્તા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજય ગણિ છે.

**ભાષા અને શૈલી**—બંને સ્તવનોની ભાષા 'ગુજરાતી' છે અને શૈલી રોચક છે.

**રચના-સ્થલ**—બેમાંથી એક સ્તવન ક્યાં રચાયું તે વિષે કર્તાએ મૌન સેવ્યું છે.

[1]**રચના-સમય**—બંને સ્તવનો એના કળશમાંના ઉલ્લેખ અનુસાર કર્તા વાચક બન્યા ત્યારપછી

૧. "નિશ્ચય-નય અને વ્યવહાર-નય પરત્વે વાચક યશોવિજય ગણિનું વક્તવ્ય" નામનો મારો જે લેખ "આત્માનંદ પ્રકાશ" (પુ. ૫૪, અં. ૫–૬)માં છપાયો છે તે આ બે નયને અંગે વિશેષ માહિતી પૂરી પાડે છે.

૧. **સુજસવેલિ** (ઢાલ ૩, કડી ૧૨) પ્રમાણે યશોવિજય ગણિને 'વાચક' પદવી વિ. સં. ૧૭૧૮માં અપાઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ [૧]વિજયપ્રભસૂરિના રાજ્યમાં એટલે કે વિ. સં. ૧૭૧૦ થી ૧૭૪૭ના[૨] ગાળામાં રચાયાં છે. વિશેષમાં પ્રથમ સ્તવન માટે તો કર્તાએ નીચે મુજબના શબ્દાંક દ્વારા રચનાવર્ષનો ઉલ્લેખ કર્યો છે :—

યુગ–ભુવન–સંયમ.

'યુગ'થી 'બે' તેમજ 'ચાર' ગ્રહણ કરાય છે. 'ભુવન' ત્રણ ગણાય છે અને સંયમના ૧૭ પ્રકાર હોઇ એનાથી ૧૭નો અંક દર્શાવાય છે. આ ત્રણે શબ્દોનો "**अङ्कानां वामतो गतिः**" એ ન્યાયે વિચાર કરતાં પ્રથમ સ્તવનનું રચના–વર્ષ ૧૭૩૨ કે ૧૭૩૪ ફલિત થાય છે.

દ્વિતીય સ્તવન માટે રચના–વર્ષનો ઉપર્યુક્ત રીતે કે અન્ય કોઇ રીતે સ્પષ્ટ ઉલ્લેખ કરાયો નથી. આથી બે સ્તવનોમાં પહેલું કયું રચાયું હશે તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

આ પ્રમાણેનું બંને સ્તવનોનું બહિરંગ સ્વરૂપ દર્શાવી હું હવે એના અંતરંગ સ્વરૂપ વિષે થોડુંક કહીશ.

**વિષય**—વિ. સં. ૧૭૩૨ કે ૧૭૩૪માં રચાયેલા પ્રથમ સ્તવનમાં જે રીતે નિશ્ચય–નય અને વ્યવહાર–નય વચ્ચે સંવાદ રજૂ કરાયો છે તે જ રીતે વિ. સં. ૧૭૪૫ પહેલાં અને વિ. સં. ૧૭૧૮ પછી રચાયેલા દ્વિતીય સ્તવનમાં આ બે નયો વચ્ચેનો સંવાદ આલેખાયો નથી, છતાં એ દ્વિતીય સ્તવનમાં સંવાદનાં તત્ત્વો તો જોવાય છે. આમ આ બંને સ્તવનોમાં વિષયની દૃષ્ટિએ સમાનતા છે; બાકી વિગતોમાં ભિન્નતા છે. એથી કરીને તો બંને સ્તવનો એકબીજાનાં પૂરક ગણાય. બંને સ્તવનમાંની વિગતો અત્યારે તો હું સંક્ષેપમાં દર્શાવું છું; કેમકે ખરી રીતે તો એ વિગતોની સંવાદરૂપે વિસ્તૃત અને સચોટ રજૂઆત થવી ઘટે.

પ્રથમ સ્તવનના પ્રારંભમાં અને અંતમાં **શાન્તિનાથ**નું ગુણોત્કીર્તન છે. દ્વિતીય સ્તવનની શરૂઆત **સીમંધરસ્વામી**ને લગતી વિજ્ઞપ્તિથી કરાઇ છે અને એના અંતમાં કર્તાએ એ તીર્થંકર પ્રત્યે પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો છે.

પ્રથમ સ્તવનની બીજીથી પાંચમી ઢાલો પૈકી પ્રત્યેક ઢાલમાં નિશ્ચય–નયવાદી પોતાનો પક્ષ રજૂ કરે છે અને વ્યવહાર–નયવાદી એનો ઉત્તર આપે છે. પછી બંને જણ **શાન્તિનાથ**ના સમવસરણમાં જાય છે અને ત્યાં એ તીર્થંકર દ્વારા બંનેના ઝગડાનો અંત આવતાં બન્ને વચ્ચે સુમેળ સધાય છે.

પ્રથમ સ્તવનમાંનો સંવાદ નીચે મુજબ છે :—

**નિશ્ચય૦**—ભાવ એ જ સાચું પ્રમાણ છે. જે ક્રિયા અનંત વાર મળી તેથી રાજી ન થાઓ, ભરત ભૂપતિ તેમજ મરુદેવા ભાવથી ભવસાગર તરી ગયા. વળી દ્રવ્યક્રિયા ગ્રૈવેયકથી આગળ ફળે નહિ–એનાથી મોક્ષ ન મળે.

**વ્યવ૦**—ક્રિયા વિના ભાવ ક્યાંથી આવે ? રત્નને શુદ્ધ કરનાર ખારના સો પુટ કરે એટલે એ શુદ્ધ થાય[૩]. એવી રીતે ક્રિયાને સાચી માનો.

ફળ બે રીતે ઉદ્ભવે : (૧) સહેજે અને (૨) પ્રયત્ન કરવાથી. તેમ ક્રિયાથી અને પરિણામવાથી ભિન્ન ભિન્ન ફળ આવે. અમને સહેજે–વગર મહેનતે ફળ મળશે એમ માની જે ગળિયા બળદ થાય તે સહેજે તૃપ્ત થશે તો તેઓ અન્ન કોળિયા કરીને કેમ ખાય છે ?

વ્યવહાર વિના ભાવ તે ક્ષણમાં તોલો અને ક્ષણમાં માસો છે. અને એથી હાંસી ઉત્પન્ન થાય અને લોક તમાસો જુએ. જે ગુરુકુલમાં રહે, ગુણનો ભંડાર (?) હોય અને વ્યવહારમાં સ્થિર પરિણામ વાળો હોય તે ત્રણ પ્રકારના 'અવંચક' યોગથી મહોદયનો કામી બને.

**નિશ્ચય૦**—કોણ ગુરુ છે અને કોણ ચેલો છે ?

૧. એમણે **વિજયસિંહસૂરિ**ના શિષ્ય **સત્યવિજય**ને વિ. સં. ૧૭૨૯માં 'પંન્યાસ' પદવી આપી હતી. જુઓ **જૈ.સા.સં.ઈ.** (પૃ. ૬૫૧)

૨. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૫૮)

૩. જુઓ આ લેખગત બીજું સ્તવન (ઢાલ ૨, કડી ૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા એકલો પોતે જ સ્વભાવમાં રમે છે. એના પ્રકાશથી સમસ્ત વિશ્વ જણાય તેમજ નવ નિધિ અને આઠ મહાસિદ્ધિ પમાય. જે કર્મની વિભાવ-શક્તિને તોડે તે આત્માને સ્વભાવ-શક્તિમાં જોડે.

ભ્રમ ભાંગ્યો, સર્વ મર્મ સમજાયો અને આત્માનું પૂર્ણજ્ઞાની એવું સ્વરૂપ જાણ્યું.

કર્તા થનાર હાથીની પેરે[1] ઝૂઝે જ્યારે સાક્ષી બનનાર નિજ ગુણમાં સલુઝે[2] (?રમે) કર્તાને ક્રિયાનું દુઃખ ભોગવવું પડે, જ્યારે સાક્ષી ભવરૂપ વૃક્ષના કંદનો ઉચ્છેદ કરે-મોક્ષ મેળવે.

જ્ઞાનીને ક્રિયા ન હોય. એ કર્મસ્થિતિ પાકવાથી નરમ થયો છે. (કંદમાં) માળાને જોયા વિના જે ભમતો હોય તે એને જોઇને પોતાના ગુણમાં રમે.

પુદ્ગલના જે અશુદ્ધ ભાવો છે તે સર્વ આત્માથી ભિન્ન છે.

અમે મોક્ષરૂપ નિજ ગુણને વર્યા છીએ એટલે મોક્ષ માટે કોણ ક્રિયા કરે ?

**વ્યવહાર**-તમારા એ બોલ મીઠા છે.

પોતાને મુક્ત માનવા છતાં તીર્થંકર અને ગણધર ક્રિયા કરતા થાક્યા નહિ, એમણે ક્રિયા કરી.[3]

વચન વીર્ય કરી તમે વિચારો. જે અભિમાનથી રહિત તે 'સાક્ષી છે.

સમગ્ર શક્તિ ક્રિયામાં રહેલી છે. જે શુભ યોગપૂર્વક ક્રિયા શરૂ કરે, તે ખેદ વગેરે સર્વ દૂષણોને તજે. ભોજન જોવા માત્રથી કંઇ ભૂખ ન ભાંગે, ડાંગરની છોતર ખાંડ્યા વિના ન નીકળે, અને પાત્રને માંજ્યા વિના એ ઊજળું ન બને. તેમ સાધન ક્રિયા વિના કામ ન આપે. સાધનસામગ્રી હોય પણ ક્રિયા ન કરે તો કંઇ નહિ વળે.

**નિશ્ચય**-ભાવ વિનાની ક્રિયા કંઇ કામમાં ન આવે. ભાવ આવ્યો તો ક્રિયાથી સર્યું. ધરાયેલી વ્યક્તિને ભોજન ન ભાવે. તમે અમારી વાત માનો અને ખેંચતાણ ન કરો. શ્રમણ હોઇ ગણધર દીક્ષા મળે તે ભાવને લઇને છે. લિંગનું પ્રયોજન મનુષ્યના મનનું રંજન કરવું એ છે એમ **ઉત્તરાધ્યયન**માં કહ્યું છે. વળી **ઓઘનિર્યુક્તિમાં** પોતાના પરિણામને જ 'ભાવ' ગણ્યો છે અને **ભગવઇ(ભગવતી)**માં આત્માને 'સામાયિક' કહ્યું છે.

**વ્યવહાર૦**—સર્વ શ્રુતમાં-આગમમાં ભાવની વાત કહી છે તે વાત સાચી છે, પણ એ ભાવ ક્રિયાથી જાત્ય (ઉત્તમ) બને અને ક્રિયા વિના એ કાચો રહે. વળી નવો ભાવ ક્રિયા કરવાથી આવે અને આવેલો ભાવ ક્રિયાથી વધે. ગુણશ્રેણિએ ચઢાય અને પડાય નહિ એ માટે મુનિ ક્રિયા કરે છે. જેણે ક્રિયા પાળી નથી તેણે ખરી રીતે નિશ્ચયને જાણ્યો નથી. વચનમાત્ર નિશ્ચય વિચારે, એ માટે **ઓઘનિર્યુક્તિ** જોઇ લો.

દૂધમાં જેમ સાકર ભળે તેમ જેમ જેમ ભાવ ક્રિયામાં ભળશે તેમ તેમ અધિક સ્વાદ આવશે.

**નિશ્ચય૦**—'સમતા' એ છ દર્શનોના સારરૂપ છે; અને એ સમતા મોક્ષનું સાધન છે. સિદ્ધના જે પંદર ભેદ છે તેમાં ભાવ-લિંગ એક જ છે અને એ 'સમતા' છે. દ્રવ્યલિંગથી મોક્ષ મળે એ ખરો અને ન પણ મળે. મોક્ષનું સાધન 'સમતા' છે. એમાં સમસ્ત વિવેક રહેલો છે અને મારું મન એમાં લાગ્યું છે અને સમતા સિવાય બીજા બધા ભામા છે—ફાંફાં છે. ત્યાં સમતા એ યોગનાલિકા છે. ડાંડો તત્કાલ દેખાડે છે.[1] વચમાં યોગ અને અયોગ છે. પાંચ લઘુ અક્ષરનો ઉચ્ચારણ કરતાં જેટલો વખત લાગે એટલા વખતમાં મુક્તિ મળે.

---

૧. જોરથી લડે અને મચ્યા રહે એમ બે અર્થ થાય છે.

૨. આનો અર્થ સમજાતો નથી.

૩. અંતમાં કર્તા કહે છે કે જે ક્રિયા અને જ્ઞાનને અનુક્રમે સેવન કરે તેને પ્રભુ સુયશનો રંગ અર્પે :

---

૧. આનો અર્થ સમજાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્થવિર-કલ્પ** અને જિનકલ્પની ક્રિયા અનેક જાતની છે. સામાચારી ભિન્ન ભિન્ન છે. એમાં એકે એક જ સ્વરૂપવાળી નથી. ત્યાં-ક્રિયામાં હઠરૂપી ઊંડો કૂવો છે અને ત્યાં મોહરાજા ફાંસો દે છે. એ વિષમ અને વિરૂપ છે.

**વ્યવહાર૯**—ભાઇ ! જેમ તમને સમતા વહાલી છે તેમ અમને પણ છે. અમે એ સમતાને દરરોજ યાદ કરીએ છીએ અને સમતાની ખાતર તો ક્રિયા કરીએ છીએ. સિદ્ધના જે પંદર ભેદ છે તેમાં જે (ભાવલિંગરૂપ) રાજમાર્ગ છે તે માર્ગને અનુસરનારી ક્રિયા પ્રત્યે સ્નેહ રાખો, એક ક્ષણમાં એને છોડી ન દો અને આળસ તજી દો, કેમકે આળસુ મનુષ્યને ઘણા સંદેહ હોય છે.

**ભરત** વગેરેના દૃષ્ટાંત દ્વારા જેઓ ભાવને જ ગણાવે તેમને **આવશ્યકમાં** એકાંતે 'પાસત્થા' કહ્યા છે, તેઓ પ્રવચનના નાશક છે અને એમનું મુખ સંતો ન જુએ એમ પ્રભુ કહે છે.

ક્રિયા અનેક પ્રકારની કહી છે તે કર્મના પ્રતિકાર રૂપ છે. રોગ ઘણા હોય એટલે ઔષધ ઘણા હોય. કોઈને કોઈ ઔષધથી ફાયદો થાય. તીર્થંકરરૂપી વૈદ્યે આમ કહ્યું છે. જુઓ **આચાર.**

રાજમાર્ગ ભાગે નહિ...

વિનયાદિક મુદ્રાવિધિ અનેક પ્રકારની છે, પણ એ કંઈ પરસ્પર વિરુદ્ધ નથી. જે મૂઢ હોય તે મુંઝવણમાં પડે અને જે ન મુંઝાય તે 'પ્રતિબુદ્ધ' છે.

આ સ્તવનના ઉપસંહારરૂપે કવિએ કહ્યું છે કે હે શાંતિનાથ ! તમે જેમ આ બે વાદીઓ વચ્ચેની પ્રીતિને સ્થિર કરી આપી તેમ મને 'અનુભવ' મિત્ર સાથે મેળ કરી આપો. એ મિત્ર મને મમતા ત્યજવાનું કહે છે, પણ એ મારાથી બનવું મુશ્કેલ છે. ચરણધર્મરૂપ નૃપતિ તમારે વશ છે. એને 'સમતા' નામે પુત્રી છે. એ મને મેળવી આપો કે જેથી મમતા જાય. કવિ અંતમાં કહે છે કે **શાન્તિનાથે** મારી વિનતિ સ્વીકારી અને મને 'અનુભવ' મિત્ર મળ્યો.

હવે આપણે બીજા સ્તવનનો વિચાર કરીશું :

આ બીજા સ્તવનની પહેલી ઢાળમાં કર્તાએ કહ્યું છે કે જેમણે એક જ નયને સ્વીકાર્યો તેઓ ભવમાં રખડ્યા છે. મેં પણ પહેલાં કેવળ નિશ્ચય-નય કે કેવળ વ્યવહાર નયનો આદર કર્યો હતો, પણ હે **સિમન્ધર**-સ્વામી ! તમારી કરુણાથી બંનેને ભેગા ઓળખ્યા છે.

આ બે નયો મળે તો જ ઉપકારી બને. જેમ શિબિકા યાને પાલખી ઊંચકનારા ભેગા મળી એ ઊંચકે તો એ ઊંચકાય.

કોઇ એમ કહે કે નિશ્ચય-નય પરિણામની અપેક્ષા-એ વ્યવહાર-નય કરતાં મોટો છે તો એ વાત ખોટી છે.

રત્ન ઘણાં હોય પણ જ્યાં સુધી એક જ દોરામાં એ સાંકળી ન લેવાય ત્યાં સુધી એ 'માળા' ન કહેવાય-એ સંકળાય તો જ માળા બને. એવી રીતે સર્વે નય એકલા એકલા હોય ત્યારે એ 'મિથ્યાત્વ' છે એટલે એ મળે તો 'સમ્યક્ત્વ' બને એમ[1] **સમ્મતિ**-માં કહ્યું છે.

જેમ પંખી બે પાંખ વિના ઊડી ન શકે અને રથ બે ચક્ર વિના ચાલે નહિ તેમ જૈન શાસન નિશ્ચય વ્યવહાર એ બે નય વિના હોય નહિ.

આ બંને નયમાં શુદ્ધતા અને અશુદ્ધતા સરખી છે. બંને નય પોતપોતાને વિષે શુદ્ધ છે પણ અન્યને વિષે અશુદ્ધ છે.

જે કારણથી નિશ્ચય-નય કાર્ય છે અને વ્યવહાર-નય કારણ છે તેને લઇને કાર્ય સાચું છે.

નિશ્ચય-નય પ્રમાણે કોઈ ગુરુ નથી કે કોઈ શિષ્ય નથી, કોઈ કર્તા નથી કે કોઈ ભોક્તા નથી. એને લઇને નય અનુસારની દેશના તે ઉન્માર્ગ છે, જ્યારે વ્યવહાર-નય પ્રમાણે ગુરુ, શિષ્ય વગેરે સંભવે છે

૧. સરખાવો **સમ્મઈપયરણ** ( કાંડ ૧, ગા. ૨૮ ) તેમજ **જ્ઞાનસાર** ( અષ્ટક ૧૬, શ્લો. ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે એ સાચો ઉપદેશ છે–સાચી દેશના છે એમ **વ્યવહાર-ભાષ્યમાં** કહ્યું છે.

બીજી ઢાલનો સારાંશ નીચે મુજબ છે:–

કોઇક વિધિને જોઇને સમસ્ત વ્યવહાર ત્યજી દે છે, પણ હે સીમન્ધરસ્વામી ! દ્રવ્યાદિક અનુસાર વિધિ હોય એ તમારી વાત એ ભૂલી જાય છે.

પાઠ, ગીત અને નૃત્યની કળા શરૂઆતમાં અશુદ્ધ હોય છે પણ અભ્યાસથી એ સાચી બને તેમ ક્રિયા અવિશુદ્ધ છે.

મણિનો શોધક ખારના સો પુટ આપે એ સર્વ પુટ સાચાં છે તેમ સર્વ ક્રિયા યોગ માટે છે **પંચવસ્તુમાં** કહ્યું છે.

પ્રીતિ–યોગથી અને ભક્તિ–યોગથી કરાયેલો ઇચ્છાદિક વ્યવહાર જો કે હીન છે, પણ જેને ગુરુનો આધાર છે તેને તો એ વ્યવહાર મોક્ષનો હેતુ છે– એ વ્યવહારથી મોક્ષ મળે.

વિષ, ગરલ, અન્યોન્ય, (તદ્) હેતુ અને અમૃત એમ ક્રિયાના પાંચ પ્રકારો છે. તેમાં વિષ–ક્રિયા અને ગરલ–ક્રિયા એ બે અનુક્રમે આ લોકના અને પર-લોકના પ્રપંચ અર્થે-ભોગાદિ માટે છે. અન્યોન્ય–ક્રિયા સાચા હૃદય વગરની હોવાથી તે સંમૂર્ચ્છિમના જેવી પ્રવૃત્તિ ગણુ ય છે. હેતુ–ક્રિયા વિધિના રાગથી કરાય. ( જો કે એમાં વિધિની ન્યૂનતા રહેલી છે ). અમૃત–ક્રિયામાં જરા યે દોષ નથી. પહેલી ત્રણ ક્રિયા ત્યજવા લાયક છે અને છેલ્લી બે આદરવા યોગ્ય છે, એમ **યોગબિન્દુ**માં કહ્યું છે.

ક્રિયા તરફની ભક્તિ હોય તો એ ભક્તિ અવિધિના દોષના અનુબંધ–પરંપરાને દૂર કરી શકે. એ માટે ક્રિયા જે મોક્ષનું કારણ છે એમ **ધર્મ–સંગ્રહણી**માં કહ્યું છે.

ચક્રવર્તીનું ભોજન મળે નહિ ત્યાં સુધી પોતાના ઘરનું ભોજન સારું છે અને એ ત્યજવું ન જોઇએ તેમ નિશ્ચય–નયના ફળરૂપ કેવળજ્ઞાન મળે નહિ ત્યાં વ્યવહાર–નયને જતો ન કરવો.

પુણ્યરૂપ અગ્નિ પાપને બાળે અને જ્ઞાન સહેજે ઓળખાય. વ્યવહાર એ પુણ્યનો હેતુ છે. એથી એ મોક્ષનો ઉપાય છે. એક પુદ્ગલ પરાવર્તમાં જેમ ક્રિયાવાદી ભવ્ય જીવ મુક્ત બને .તેમ બીજો નહિ બને એમ **દશાચૂર્ણિ**માં કહ્યું છે.

આ જાણીને મુનિ તમારા શાસનના રાગી બને અને તેઓ નિશ્ચયરૂપ પરિણતિને ભજતાં વ્યવહારનું સેવન કરે.

ત્રીજી ઢાલમાં નીચે મુજબ નિરૂપણ છે:—

કોઇ સમ્યકત્વનો જ પક્ષ આદરે ક્રિયાને વિષે મંદ અને અણુજાણુ મનુષ્ય શ્રેણિક વગેરેના દૃષ્ટાંતને આગળ કરે છે અને ગુરુની આજ્ઞાને માનતો નથી. એ કહે છે કે શ્રેણિક કંઇ જ્ઞાની અને ચારિત્રશાળી થયો નથી. એ તો સમ્યકત્વરૂપ ગુણને લઇને મોક્ષે જશે માટે સમ્યકત્વ એજ મુક્તિનું નિદાન છે, કારણ છે પણ એ મનુષ્ય એ વાત જાણતો નથી કે **આવશ્યક ભાષ્ય**માં કહ્યું છે કે ક્રિયા કર્યા વિના એનો સમ્યકત્વ–ગુણ નરક–ગતિ છેદી ન શકયો.

**ઉપદેશમાલા**માં કહ્યું છે કે જેમ પટ યાને કપડાનો તાણો ઉજ્જવળ હોય પણ વાણો મેલો હોય તો એ શોભે નહિ તેમ અવિરતિપૂર્વકનું સમ્યકત્વ શોભે નહિ.

જો કોઇમાં સમ્યકત્વરૂપ ગુણ હોય તો એ બેથી નવ પલ્યોપમ જેટલા વખતમાં વિરતિમાં વિઘ્નરૂપ કર્મને છેદે એમ **આનંદ** વગેરે જેવા છો સમ્યકત્વની સાથે સાથે જ વિરતિને પ્રાપ્ત કરે.

શ્રેણિકના જેવા અવિરત જીવ થોડા છે. કે જેઓ વિરચિત કર્મને લઇને વિરતિને પામ્યા નહિ.

સમ્યકત્વ વિરતિને ખેંચી લાવે એ જૈન શાસન-નો મર્મ છે.

For Private And Personal Use Only

બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા વિનાના 'લવસત્તમ' દેવો વ્રતી (વિરતિવંત) ન કહેવાય, જો કે એઓ અબ્રહ્મનું સેવન કરતા નથી–અપ્રવીચારી છે.

અવિરત દશા હોય તો પાપ ન કર્યાં હોય તો યે સઘળાં લાગે. એ જાણીને વ્રત સેવો.

અંધ આગળ આરસી ધરવી, બહેરાને ગીત સંભળાવવું અને મૂર્ખ આગળ પરમાર્થ–કથા કરવી એ ત્રણે સરખું છે. એ જાણીને સીમન્ધરસ્વામી ! હું તમને વિનવું છું કે મને ક્રિયા અને સમ્યક્ત્વની જોડી આપજો.

ચોથી ઢાલમાં કહ્યું છે કે હે સીમન્ધરસ્વામી ! તમે પ્રભુ છો–સ્વામી છો અને હું તમારો સેવક છું એ તો વ્યવહાર–નય પ્રમાણેની વાત છે; બાકી નિશ્ચય–નય પ્રમાણે તો આપણા બે વચ્ચે કશું અંતર નથી કેમકે શુદ્ધ આત્માના ગુણ એક જ છે.

જેમ સર્વે નદીનું જળ સમુદ્રના જળમાં ભળી જાય તેમ અખંડ બ્રહ્મ અને સખંડ બ્રહ્મ ધ્યાનમાં ભેગાં ભળી જાય.

જેણે તમારું આરાધન કર્યું એને બીજા સાધનની જરૂર નથી.

જેના ઘરમાં સુરમણિ હોય તે દેશાંતરે ભમે નહિ.

નયની વાત અગમ્ય અને અગોચર છે. એનો પાર પમાય નહિ. એથી તમારા શાસનમાં કહ્યું છે કે બહુશ્રુતના વચનને અનુસરવું.

**દુર્ગમ સ્થળ**–આ પ્રમાણે બંને સ્તવનનો સારાંશ મેં આપ્યો છે, પરંતુ બંને સ્તવનોની એકેએક કડી પૂરેપૂરી સમજાઇ નથી. દા.ત. નિમ્નલિખિત પંક્તિનો અર્થ બરાબર બેસતો નથી તો કોઈ તજ્જ્ઞ એ દર્શાવવા કૃપા કરે.

"રાજ પંથ ભાગે નહીં રે,
ભાજે તે નાહના સેર;
એ પણ મનમાં ધારજો,
એ એક ગાંઠો સો પેર રે."

**સ્પષ્ટીકરણ**–ઉપર્યુક્ત બંને સ્તવન પૈકી એકેના ઉપર જ્ઞાનવિમલસૂરિ કે પદ્મવિજય જેવાએ બાલાવબોધ રચ્યાનું જાણવામાં નથી એટલું જ નહિ પણ ઇસુની આ વીસમી સદીમાં કોઇએ અભ્યાસપૂર્ણ સ્પષ્ટીકરણ પણ પૂરું પાડ્યું જણાતું નથી. જો એમ જ હો તો આ કાર્ય કરવામાં કુશળ એવા જે કોઇ સહૃદય સાક્ષર હોય તેમને આવું કાર્ય કરવા હું સાદર વિનવું છું.

---

**क्वचिद्विद्वद्गोष्टि क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद्वीणावाद्यं क्वचिदपि च हाहेति रुदितं ।
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु–
र्न जाणे संसारः किममृतमयः किं विषमयः ? ॥**

(મનહર)

**વિદ્યાનો વિનોદ થાય વિદ્વાનોની વચ્ચે ક્યાંક,
ક્યાંક દારૂ પીધેલાની મત્ત મસ્તી થાય છે;
વીણાનો મધુર સ્વર ક્યાંક સંભળાય કાન,
ક્યાંક "હાય હાય" કરી રૂદન કરાય છે.
મોહને પમાડનારી નારી લટકાળી ક્યાંક,
ક્યાંક જરાથકી તન જીર્ણ તો જણાય છે;
શું આ તે સંસાર હશે વિષ કે અમૃતમય ?
આ બધું નિહાળતાં એ જાણી ન શકાય છે.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાશ્રયી બનો
## ( ૮ )

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ
( ગતાંક પૃષ્ઠ ૪૪ થી પૂર્ણ )

ઉલ્લાસિત આકૃતિ, આશાવંત અને શ્રદ્ધાજનક દેખાવ અને અડગ નિશ્ચય ધારણ કરવાથી ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાંથી બહાર નીકળવું સુલભ છે; અને ચિંતા, શંકા અથવા ઔદાસીન્યના સહજ પણ આવિર્ભાવથી પાયમાલી અને પતન નિષ્પન્ન થાય છે. સેવકો પોતાના માલીકમાં શંકા, ચિંતા અથવા ભય વગેરે લાગણીઓનો આવિર્ભાવ તત્કાળ શોધી શકે છે. જો માલીક હતાશ અને ઉત્સાહ રહિત બને છે તો સેવકોમાં પણ નિરાશા અને નિરુત્સાહ પ્રસરી રહે છે. ગ્રાહકો પર તે દુકાનના ઉદ્દાસ વાતાવરણની અસર થશે અને તેથી તેઓ અન્યત્ર જવા લલચાશે. વેપારની મંદતા અને મુશ્કેલીના સમયમાં અનેક વેપારીઓનો અધઃપાત થયેલો જોવામાં આવે છે, કેમકે પોતાની જાત પર અંકુશ કેમ રાખવો અને પોતાના ધંધાની સ્થિતિના સંબંધમાં શંકા અને ભય કેમ છુપાવવા તેનું વેપારીઓને જ્ઞાન હોતું નથી. નિરાશા અને નિરુત્સાહ મહત્વાકાંક્ષાના મહાન વિઘાતકો છે. નિરાશા અને નિરુત્સાહનું ચેપી રોગની માફક જડમૂળથી ઉન્મૂલન થવું જોઇએ. પોતાનો ધંધો ઘણો ખરાબ ચાલે છે એવી નિરંતર વાતો કરનાર માણસ કદિ પણ વિજયી નીવડયો હોય તેવું આપણા જાણવામાં નથી. કોઇપણ વસ્તુની કાળી બાજુનો કદિ પણ વિચાર ન કરો. નરમ બજાર અથવા વિકટ સમયની વાતો કરવાનું બંધ કરો. ઊર્ધ્વગામી થવાની વાતો કરો ઘણા માણસો દોષદર્શી હોય છે અને વારંવાર અસંતોષના ઉદ્‌ગારો ઉચ્ચારે છે. આવા માણસોની દૃષ્ટિએ ગમે તેવો સારો વખત પણ કઠિન ભાસે છે. કેટલાક મનુષ્યો નિરાશાવાદી બન્યા હોય છે જેને પરિણામે તેઓ કોઇ પણ વસ્તુમાં પ્રકાશ કે વિજય જોઇ શકતા નથી. આવા લોકો સંપત્તિવાન થવાની આશા રાખતા હોય તો તે નિરર્થક છે. વિજય તો એક કોમળ લતા છે જેને ઉત્તેજનરૂપી પ્રકાશના પોષણની પૂરેપૂરી જરૂર છે,

જે અનર્થકારક ઉપાધિઓથી તમે પરિવૃત થયા હો તે સર્વને પહોંચી વળવા તમે સમર્થ છો એમ માનો, તમારા સંયોગો પર આધિપત્ય પ્રાપ્ત કરતાં શીખો. આશાવંત અને ઉત્સાહી મનુષ્યોની જ જગતમાં જરૂર છે. જે ભવિષ્યવેત્તાઓ સર્વત્ર સંકટ અને નિષ્ફળતા જુએ છે તેઓની લેશ પણ જરૂર નથી. જે આશાવંત અને ઉત્સાહી સ્ત્રીપુરુષો પોતાના કાર્યોમાં વિજય અને સફલતા જુએ છે તેઓના સહવાસમાં આવવા સૌ કોઇ તલસે છે. મેઘાચ્છાદિત વાતાવરણ કરતાં સૂર્યના પ્રકાશથી તેજસ્વી થયેલા વાતાવરણમાં જવાની આપણને સ્વાભાવિક ઇચ્છા થાય છે, તેવી જ રીતે વક્રપ્રકૃતિ અને ઉદ્દાસીન વૃત્તિવાળા લોકોનો સહવાસ તજી દઇ સરલ પ્રકૃતિ અને પ્રસન્નચિત્તવાળા લોકોના સહવાસમાં આવવાની ઇચ્છાનો પ્રત્યેક વ્યક્તિમાં સ્વાભાવિક ઉદ્‌ભવ થાય છે.

જે લોકોને ફતેહ મેળવવાની અભિલાષા હોય છે તેઓની આકૃતિમાં એક વિજેતાની નિશ્ચિતતાનો દેખાવ હોવો જોઇએ. લોકો આત્મશ્રદ્ધાથી સમન્વિત થયેલા મનુષ્યોની મુક્તકંઠે પ્રશંસા કરે છે, અને તેઓ લોકોના વિશ્વાસપાત્ર બને છે. લોકોને શંકા અને અસ્થિરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર સ્વાભાવિક તિરસ્કાર હોય છે. જેની માનસિક વૃત્તિ સમતોલ અને સ્થિર હોય છે તે માણસ જ સર્વત્ર સર્વથા વિજયી નીવડે છે. અશ્રદ્ધાથી જે માણસ કાર્યનો આરંભ કરે છે તે કદિ પણ વિજયી થતો નથી. મજબૂત મનવાળા મનુષ્યો ઉત્સાહ અને વિશ્વાસની પ્રભા સર્વત્ર પ્રસારે છે. આ જીવનસંગ્રામમાં જીતનાર મનુષ્યની બાહ્યાકૃતિમાં શ્રદ્ધા સર્વત્ર પ્રસરી રહેલી જોવામાં આવે છે, જે તેની શ્રેષ્ઠતાનું સૂચન કરે છે. તેનું વર્તન સામા માણસમાં એક પ્રકારનું બળ પ્રેરે છે, બીજી બાજુએ પરાજિત મનુષ્યની બાહ્યાકૃતિમાં સંદિગ્ધતા અને વિશ્વાસના અભાવનું જ ભાન થાય છે. તેના મુખ પર કે તેની ગતિમાં કોઈ પણ પ્રકારની નિશ્ચિતતા જણાતી નથી.

જ્યારે તમને સમજાય કે તમે તમારી ઉગ્ર શક્તિ-ઓને અનુસરીને કાર્ય કરો છો ત્યારે તમારા હેતુ-માંથી ચલાયમાન કરનારી કોઇ સત્તાને આધીન ન થાઓ. ગમે તેટલી મુશીબતો આવે, તમે ધાર્યું હોય તે કરતાં તમારું કાર્ય વધારે કઠિન જણાય તો પણ અસ્થિર ચિત્ત બની પાછા ન હઠો. સ્વીકૃત કાર્યને અથવા હેતુને દૃઢતાથી વળગી રહો. જીવનમાં અનેક પ્રસંગો આવે છે કે જ્યારે ગુલાબ કરતાં કાંટા પુષ્કળ હોય છે. તે વાત સ્મરણમાં રાખો. એવા પ્રસંગે જ તમારા બળની અને તમારા મનુષ્યત્વની કસોટી થાય છે. સંયોગો ગમે તેવા નિરુત્સાહજનક હોય તો પણ પરાજય સંભવિત છે એવું કદાપિ કબૂલ ન કરો, તમારી દૃષ્ટિને તમારા અંતિમ લક્ષ્યસ્થાન તરફ નિરંતર ચોંટાડી રાખો, અને વિજય પ્રાપ્ત કરવાની તમારી શક્તિમાં તમારી શ્રદ્ધાને દૃઢીભૂત બનાવો. વિજયનાં ધોરણને વળગી રહેવાથી અને સ્વીકૃત કાર્ય સાધવાની પોતાની શક્તિને ટકાવી રાખવાથી મનુષ્ય પોતામાં મહાન બળ રહેલું છે એમ સિદ્ધ કરી શકે છે.

કોઈ પણ મનુષ્ય તમારી આત્મશ્રદ્ધા દાબી ન દે એ ખાસ ધ્યાનમાં રાખો. સ્વપ્નામાં પણ ન ધારો કે નિષ્ફળતા અથવા પરાજય અસ્તિત્વ ધરાવે છે.

અનેક લોકો પોતાના કાર્યોમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે, કેમકે તેઓની આત્મશ્રદ્ધા અસ્થિર અને અદૃઢ હોય છે. જ્યાં સુધી તેઓ પોતાની શક્તિ વિષે અનિશ્ચિત બને છે અને છેવટે વિજયી થવાની શક્તિ કે જેના વગર કોઇ પણ મહાન કાર્ય સાધી શકાતું નથી તેમાં તેઓની શ્રદ્ધા લુપ્ત થાય છે ત્યાં સુધી અન્ય લોકો તેઓના મન શંકાશીલ અને ભયયુક્ત વિચારોથી ભર્યાં કરે છે તે તરફ તેઓનું દુર્લક્ષ રહે છે.

તમે ગરીબાઈના ચક્ર તળે દબાયલા હો, તમારી આસપાસના સંયોગો પ્રતિકૂળ હોય તો પણ તે વિશે લેશ પણ ચિંતા ન કરો, કેમકે એનાથી તમને વિશેષ પ્રયાસ કરવાનું પ્રોત્સાહન મળશે. દુઃખ અથવા ગરી-બાઇની શક્તિની સામે થાઓ છો, તમે તમારા સંયોગોને પહોંચી વળવા સમર્થ છો એમ દૃઢતાપૂર્વક માનો. તમારા સંયોગોના તમે માલીક છો એમ ખાતરીપૂર્વક માનો. એટલે પરિસ્થિતિ તરત જ સુધરવા લાગશે. શક્તિની આ માન્યતાથી વિજય પ્રાપ્ત કરવાની પોતાની શક્તિમાં શ્રદ્ધાની આ દૃઢતાથી જે ઉચ્ચતમ કોટિના વિજયને અવિચ્છેદ્ય જન્માધિકાર તરીકે ગણે છે તેવી ચિત્તવૃત્તિથી પ્રકૃતિ બળવાન બનશે અને જે શક્તિઓના સમૂહનો શંકા, ભય અને અશ્રદ્ધા નાશ કરે છે, તેને અપૂર્વ અને અદ્ભુત બળ મળશે. આ પ્રમાણે વિજય પ્રાપ્ત કરવાની પોતાની શક્તિમાં શ્રદ્ધાને નિશ્ચયપૂર્વક વળગી રહેવાથી અનેક વ્યક્તિઓએ મહાન કાર્યો સાધ્યા છે. જેમ આપણે સ્વમાન અથવા સ્વપ્રતિષ્ઠાને વળગી રહેવા યત્ન કરીએ છીએ તેમ આ અમૂલ્ય જન્માધિકારને દૃઢતાપૂર્વક વળગી રહેવાનો યત્ન કરવા સૌ પ્રેરાય એ જ અંતિમ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી વિદ્યા

લેખક : મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

**વિદ્યા** તેજ હોવી જોઈએ કે જે ખાસ કરીને મુક્તિને માટે હોવી જોઈએ અને તેવા હેતુથી જ વિદ્યા મેળવવી એ દરેક મનુષ્યની ફરજ છે. પૂર્વ પ્રણાલિકા અને આધુનિક પ્રણાલિકા ઉપર વિચાર કરતાં વિદ્યાભ્યાસનો બોજો તેટલા જ પ્રમાણમાં છે બલ્કે વધુ છે, છતાં પૂર્વ પ્રણાલકાથી જે વિદ્યા ગૌરવયુક્ત સંપાદન થતી હતી અને રૂઢ સંસ્કારવાળી બની ઐહિક અને પારલૌકિક સુખદાતા કહેવાતી હતી તે અત્યારના જમાનામાં ઘણે ઓછે અંશે જોવામાં આવે છે. **વિદ્યા** એ એક અખૂટ ખજાનો છે. કહ્યું છે કેઃ—

पूर्वदत्तेषु या विद्या, पूर्वदत्तेषु यद्धनम् ।
पूर्वदत्तेषु या नारी, अग्रे तिष्ठति तिष्ठति ॥

એટલે કે વિદ્યા, ધન, સ્ત્રી વિગેરે પૂર્વકર્મના પુણ્યકર્માનુસાર મળી શકે છે, એ વાસ્તવિક છતાં અત્યારના જમાનાને અનુસરી આ બાબતમાં માતાપિતાને વિદ્યા ભણાવવામાં મુખ્ય કારણભૂત ગણીએ તો તેમાં નવાઈ જેવું નથી. કેમકે—

माता शत्रुः पिता वैरी ये न बाला न पाठिताः ।
न शोभंते सभामध्ये हंसमध्ये बको यथा ॥

મતલબ કે બાલકોને ઘરમાં સારા સંસ્કાર આપી અભ્યાસમાં ઉત્સાહવંત બનાવવા એ પહેલી ફરજ તો માતાપિતાની છે. અને જો એમ ન થાય તો માતા શત્રુ અને પિતા વૈરી ગણાય છે. વળી જ્યારે પોતાના પુત્રો તથા બાલિકાઓને ધાર્મિક કેળવણી રહિત રાખવાથી તેમની યોગ્ય વય થતાં પ્રસંગોપાત હંસની સભામાં જેમ બગલો શોભે નહીં, તદનુસાર તેમની પણ સ્થિતિ બને છે. વિદ્યારૂપી ધન તે જ ખરું હિતકારક ધન છે. કહ્યું છે કે—

न चोरचोय न च राजहार्यं,
न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृत वर्धत एव नित्यं,
विद्याधनं सर्वधनप्रधानम् ॥

સારાંશમાં કહેવાનું એટલું જ છે કે વિદ્યારૂપી ધન એ પેટીમાંનું ધન નથી કારણ કે સંચય કરેલું ધન ક્રમે ક્રમે વાપરતા ઓછું જ થાય છે પણ આ વિદ્યારૂપી ધન એવું નથી. પેટીનું ધન ચોર પણ કોઈક દિવસ ચોરી શકે છે પણ આ ધન એવું છે કે ચોરવડે ચોરાતું નથી, રાજકારણમાં હરી જવાતું નથી, ભાઈઓ પણ જે ધનમાં ભાગ પડાવી શકતા નથી અને જે ધનનો બોજો પણ ઉપાડવો પડતો નથી તેમજ વાપરવાથી વધતું જ રહે છે. આવું વિદ્યારૂપી ધન તે જ ખરેખર ધન છે. વિદ્યા એ કોઈ અદ્‌ભુત વસ્તુ છે, કેમકે વિદ્વાન્ માણસ રાજાથી પણ શ્રેષ્ઠ છે. કહ્યું છે કે—

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यत राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥

વિદ્વાનપણું અને રાજાપણું કદી પણ સરખાં નથી, કેમકે રાજા પોતાના દેશમાં પૂજાય છે, પરંતુ વિદ્વાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણુસ તો બધી જગ્યાએ પૂજાય છે, માટે વિદ્યા કેવી સંપાદન કરવી તે બાબત ઉપર હવે આવીએ. પ્રથમ તો દરેક મનુષ્યે ધાર્મિક કેળવણી લેવી જોઇએ.

**धर्मस्य हि सहायेन तमस्तरति दुस्तरम्**

ધર્મની સહાયતાવડે ઘોર અંધકાર (એટલે બુદ્ધિમાં રહેલ જડતા) ઓળંગી શકાય છે અને તેથી જ બુદ્ધિની નિર્મલતા પ્રાપ્ત થાય છે. આ સ્થળે ભક્તામર સ્તોત્રનું એક પદ મૂકીશ તો તે અસ્થાને નહીં ગણાય. શ્રી માનતુંગસૂરિ મહારાજે વર્ણવ્યું છે કે–

**बुध्या विनाऽपि विबुधार्चितपादपीठ,**
**स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।**

મતલબ કે બુદ્ધિ વગરનો છું, છતાં પણ લજ્જારહિતપણે આપની સ્તુતિ કરવા પ્રેરાયો છું. આ ઉદ્દગાર એ ધર્મની સહાયતાનું ભાન કરાવે છે. આથી માનતુંગસૂરિ મહારાજ વિદ્વાન ન હતા એમ સમજવું નહિ પણ એમની ધર્મપ્રત્યેની અડગ શ્રદ્ધા હતી. સ્તોત્ર બનાવવામાં પ્રભુની સહાયતા માંગી બુદ્ધિનું સર્વોત્કૃષ્ટપણું ચાહતા હતા તેમજ પોતાની કૃતિમાં દિવ્યતત્ત્વ દાખલ કરવા માટે આ પ્રકારની તેમની વાણી હતી આ બધી બાબતનો વિચાર કરતાં પ્રથમ ધાર્મિક વિદ્યા ગ્રહણ કરવી એ મુખ્ય છે અને ત્યારબાદ સામાજિક અને નૈતિક એમ ત્રણ પ્રકારના વિદ્યાભ્યાસની મનુષ્યને જરૂર છે. ધાર્મિક, સામાજિક અને નૈતિક આમ ત્રણ પ્રકારનો વિદ્યાભ્યાસ એ જ વાસ્તવિક છે. હવે સામાજિક, નૈતિક બાબત પર થોડું કહું છું કે સમાજમાં સમય પરત્વે સુધારા કરી કુરિવાજો ન પેસે અને સમાજની ધોંસરી કલેશ અને ઝઘડાના વેગથી ઘસાઇ નાશવંત ન બને તે માટે સદા કોશીશ કરવી એ જ મોટામાં મોટી સામાજિક વિદ્યા મેળવી ગણાય. તેમાં પણ ખાસ નૈતિક વિદ્યાનું અવલંબન કરવામાં આવે તો જ સામાજિક વિદ્યાનો અભ્યાસ દૃઢીભૂત બને; બાકી નીતિને એક બાજુ મૂકી આપખુદી પ્રમાણે વર્તન ચલાવવાની જો બુદ્ધિ માત્ર પણ હોય તો તેથી જ સામાજિક કેળવણીમાં મોટું વિઘ્ન નડવા સંભવ છે, તેથી ત્રણ પ્રકારની વિદ્યા જો યથાર્થ સંપાદન થાય તો જ **सा विद्या या विमुक्तये**—એ પદની સમાલોચના યથાર્થ થઇ ગણાય. વળી વિદ્યા એ એક ઉત્તમ આભૂષણ બની પહેરનારને સારી રીતે શોભાવે. કહ્યું છે કે—

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्वलाः।
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृतार्थमूर्धजाः।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धायत ।
क्षायन्ते खलु भूषणानि सतत वाग्भूषणं भूषणम् ॥

સોનાના ઘરેણાં, હાર, માળા વિગેરે કાળે કરી ઘસાઈ જાય છે. પણ વિદ્યારૂપી જે ઘરેણું તે કદી ઘસાઇ જશે નહિ તેથી વિદ્યા એ જ સાચું ભૂષણ છે.

વિદ્યા એ પુરુષનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રૂપ છે, ઢાંકેલું ગુપ્ત ધન છે. વિદ્યા એ સુખ અને વૈભવને આપનારી છે. વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે. વિદેશગમનમાં વિદ્યા વધે છે. એ ભાઇની ગરજ સારે છે. વિદ્યા એ ઉત્તમમાં ઉત્તમ દેવ છે. વિદ્યા રાજમાં પૂજાએલ છે. ધન પૂજાએલું નથી માટે વિદ્યા વગરનો માણસ એક પશુ જેવો જ છે, જેથી વહાલા વાચકો ! સુવિદ્યા પ્રાપ્ત કરી ઐહિક અને પારલૌકિક સુખને મેળવો અને હંમેશાં વિદ્યા ભણવામાં ઉત્સાહી બની તમારી જિન્દગી સાર્થક કરો ને સાચી વિદ્યા પ્રાપ્ત કરો. અસ્તુ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## સોળમી નાટક પૂજા

### દુહા

નાટક પૂજા સોળમી સજી સોળે શણગાર;
નાચે પ્રભુની આગળે ભવ નાટક સબ ટાર—(૧)

દેવ કુમર કુમરી મલી નાચે એકશત આઠ;
રચે સંગીત સુહાવના બત્તીસ વિધિકા નાટ—(૨)

રાવણ ને મંદોદરી પ્રભાવતી સુરીયાભ;
દ્રૌપદી જ્ઞાતા અંગમેં લીઓ જન્મકો લાભ—(૩)

ટાળો ભવ નાટક સવી હે જિન દીનદયાલ;
મિલકર સુર નાટક કરે સુઘર બજાવે તાલ—(૪)

આ સોળમી પૂજા નાટક સંબંધી છે. તેની વિધિ આ પ્રમાણે છે–ગીત કરનારી "દેવી અથવ. માનુષી સ્ત્રી" સોળ શણગારને ધારણ કરે. પછી જિનેશ્વર પ્રભુની પાસે નાચે. પછી પ્રભુને વિનંતિ કરે કે–હે વીતરાગ પ્રભુ! અમારા સંસારી નાટકો દૂર કરાવી આપો. એવી રીતે એકસો ને આઠ દેવ દેવી અથવા માનુષ-માનુષી અથવા બન્ને મંડલીઓ સંગીતના તાનપૂર્વક બત્રીસ બદ્ધ નાટક કરે. એવા નાટકો કરી ક્યા ક્યા જીવોએ જન્મનો લ્હાવો લીધો તેનાં નામો આ પ્રમાણે–"રાવણ અને મંદોદરી રાણી" "પ્રભાવતી રાણી" "સૂરિયાભ દેવ" (પરદેશી રાજાનો જીવ). જ્ઞાતાસૂત્રમાં વર્ણન કરાયેલી "દ્રૌપદી" વિગેરે હે દીનદયાલ વીતરાગ પ્રભુ! મારા સર્વ ભવનાટક દૂર કરાવી આપો. એવી રીતે દેવદેવીઓ વાજિંત્રના ગાનતાનપૂર્વક પ્રભુ પાસે નાટક કરે છે.

### ઢાળ

રાગ કલ્યાણ, તાલ દાદરો

નાચત સુર વૃંદ છંદ મંગલ ગુનગારી—એ આંકણી.

કુમર કુમરી કર સંકેત આઠ શત, મીલ ભમરી દેત;
મંદ તાર રણુરણાટ ઘુઘરૂ પગધારી—નાચત૦ (૧)

બાજત જિહાં મૃદંગતાલ ધપમપ ઘુઘુમ કટધમાલ;
રંગ ચંદ દ્રંગ દ્રંગ ત્રોં ત્રોં ત્રિકતારી—નાચત૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાતા થેઈ થેઈ તાન લેત  મુરજ રાગ રંગ દેત;
તાન માન ગાન જાન  કિટ નટ ધુનીધારી—નાચત૦ (૩)

તું જિણંદ શિશિર ચંદ  મુનિજન સબ તાર વૃંદ;
મંગલ આનંદ કંદ  જય જય શિવચારી—નાચત૦ (૪)

રાવણ અષ્ટાપદ ગિરીંદ  નાચ્યો સબ સાજ સંગ;
બાંધ્યો જિનપદ ઉતંગ  આતમ હિતકારી—નાચત૦ (૫)

**અર્થ**-હવે **નાટકપૂજાનો** ભાવાર્થ દર્શાવાય છે, તે આ પ્રમાણે:-દેવદેવી વૃંદ (દેવદેવીઓના સમુદાય) મંગલભૂત એવા છંદો-ગીતો શ્લોકોવડે કરીને તીર્થંકર પ્રભુના ગુણો ગાય છે. "એકસો ને આઠ દેવકુમાર તથા દેવકુમારીઓ" એકાંતથી જિનેશ્વરના ગુણ જ ગાવા એવો એક સંકેત જ કરીને મલીને ભમતી દેવા. પૂર્વક-પ્રદક્ષિણાપૂર્વક પગે ઘુઘરા બાંધીને વાજિંત્રના મંદ સ્વર-અતિમંદ-મંદતર, તીવ્ર-તીવ્રતર એમ જ્યાં ઉચિત લાગે તેમ રણરણાટ એવા અવાજપૂર્વક મૃદંગ તાલના અવાજપૂર્વક ધપમપ ધુધુમ એવી વિવિધ પ્રકારી સારીગમ સહિત કિટધમાલ રંગ રંગ દ્રંગ દંગ ત્રૌં ત્રૌં ના ત્રિકએટ તે ત્રણ ત્રણ પ્રકારપૂર્વક એવા નાટક એટલે નૃત્ય તાતા થઇ તાતા થઇ એવા શબ્દોની ઉદ્ઘોષણાપૂર્વક તાન લેતા લેતા અને મુરજ (ઢોલ) તેના રાગ શબ્દ અને અવાજપૂર્વક રંગ દેતા તાન-માન-ગાન-કિટ નટ તેની ધ્વનિયુક્ત તીર્થંકર પ્રભુના ગુણ ગાય છે. વિગેરે વિગેરે હે તીર્થંકરદેવ પ્રભુ આપ શિશિર ઋતુના પૂર્ણ ચંદ્ર સમાન શીતળ છો અને બીજા મુનિજન સામાન્ય સાધુઓ તારાના, ગ્રહના, નક્ષત્રના, સમુદાયરૂપ છે. વળી આપ મંગલ અને આનંદના મૂળરૂપ છો. આપ મોક્ષ ગતિના સંચાલક છો. આપ બીજાને પણ સંચાલક શિવ એટલે મોક્ષના બનાવો છો. આપ જય પામો-જય પામો એવા શબ્દોથી પ્રભુના ગુણો આ પૂજામાં ગવાય છે-ગવાયા છે-ગવાશે. આ પૂજામાં એક રસિક ગાયકનું અનુપમ દ્રષ્ટાંત છે. તે આ પ્રમાણે-રાવણ પ્રતિવાસુદેવ મંદોદરી રાણી સાથે અષ્ટાપદ ગિરિ ઉપર સર્વ પ્રકારના નૃત્ય-વાજિંત્રયુક્ત નાચ્યો અને ઉત્તમોત્તમ તીર્થંકરનામકર્મનો બંધ કર્યો. એવા બંધનથી ભવિષ્યમાં મહાવિદેહ ક્ષેત્રે તીર્થંકર થશે અને આ પદ તેમના આત્માને તેમજ બીજા આત્માઓને પણ હિતકારી થશે.

## સત્તરમી વાજિંત્ર પૂજા

(દુહા)

તત વીતત ઘન જીુસરે  વાદ્ય ભેદ એ ચાર;
વિવિધ ધ્વનિ કર શોભતો  પૂજા સત્તરમી સાર....(૧)

સમવસરણ મેં વાજીયા  નાદ તણા ઝંકાર;
ઢોલ દદામા દુંદુભી  ભેરી પણવ ઉદાર....(૨)

વેણુ વીણા કિંકણી  પડ્ ભમરી મૃદંગ;
ઝલરી ભંભા નાદ શું  શરણાઇ મુરજંગ...(૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચ શબ્દ વાજે કરી પૂજે શ્રી અરિહંત;
મનવાંછિત ફળ પામીએ લહીએ લાભ અનંત....(૪)

**અર્થ**—હવે સત્તરમી વાજિંત્ર પૂજા કહેવાય છે. તેમાં પ્રથમ વાદ્યના (વાજિંત્રના) ચાર ભેદ છે. પ્રથમ તત્ત, બીજો વિતત, ત્રીજો ઘન, ચોથો જુસર એ ચાર પ્રકારનો વાદ્ય સંબંધી ભેદ અનેક પ્રકારની ધ્વનિ ઉત્પન્ન કરીને સત્તરમી સારભૂત એવી વાજિંત્ર પૂજામાં શોભતો છે. શ્રી તીર્થંકર દેવ પ્રભુના સમવસરણમાં નાદના ઝંકારો વાગેલા છે, વાગે છે અને વાગશે. એ વાજિંત્રોના નામો કહે છે:—વેણુ-વીણા-કિંકિણી-ષડ્-ભ્રમરી-મૃદંગ-ઝલ્લરી-ભંભા-શરણાઇ-સુરજંગ વિગેરે વાજિંત્રોના નાદો સમવસરણમાં ગાજે છે. એવી રીતે પંચ શબ્દના અવાજે કરી જે ભવ્યો શ્રી અરિહંત પૂજે છે તે ભવ્યો મનવાંછિત ફળ પામીને અનંતા આત્મગુણના લાભો મેળવે છે.

ઢાળ રાગ જંગલો, તાલ ઠુમરીકી-મન મોહ્યા
જંગલ કી હરણી-એ દેશી

ભવિ નંદો જિનંદ જસ વરણીને—
વીણુ કહે જગ તું ચિર નંદ ધન ધન જગ તુમ કરણીને-ભવિ૦ ૧
તું જગનંદી આનંદકંદી તપલી કહે ગુણ વરણીને-ભવિ૦ ૨
નિર્મલ જ્ઞાન વચન મુખ સાચે તૂણ કહે દુઃખ હરણીને-ભવિ૦ ૩
કુમતિ પંથ સબ છિનમેં નાસે જિનશાસન ઉદે ધરણીને-ભવિ૦ ૪
મંગલ દીપક આરતી કરતાં આતમ ચિત શુભ ભરણીને-ભવિ૦ ૫

હે ભવ્ય જીવો! તમે જિનેશ્વર પ્રભુના યશ ગાઇને વૃદ્ધિ પામો. અત્રે વાજિંત્ર જાણે આપણી સાથે વાત કરતાં હોય એવા ભાવદર્શક શબ્દો કવિ નરરત્ન કહે છે. તેમાં પ્રથમ વીણા વાગે છે. તે વીણા પ્રભુના પૂજકોને કહેવા લાગી છે કે, હવે પૂજા કરનારાઓ તમે લાંબા કાળ સુધી ( અનંતકાળ સુધી ) સમૃદ્ધિને પામો અને ધન્ય ધન્ય તમારી કરણીને એવી અનુમોદના કરવા લાગી. ત્યાર બાદ તાલી (તબલું) બોલે છે કે, હે ભવ્યો! પ્રભુના ગુણનું વર્ણન કરીને તમે જગતમાં સમૃદ્ધિ (દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ) પામો અને આનંદના મૂળરૂપ બનો. ત્યાર બાદ "તૂણ" નામનું વાજિંત્ર દુઃખ દૂર કરીને કહેવા લાગ્યું કે તમે નિર્મળ જ્ઞાનના વચન સાચા મુખથી બોલી પ્રભુના ગુણ ગાવો. વળી કહે છે કે જિનશાસન જો હૃદયમાં ધારણ કરશો તો કુમતિરૂપ કુપંથ ક્ષણમાં નાશ પામશે. એવી રીતે મંગલ દીપક અને આરતી કરતાં ભવ્ય જીવોનું ચિત્ત અનેક શુભ ગુણથી ભરાશે. હે ભવ્ય જીવ! પ્રભુના યશ સંબંધી અનેક ગુણ ગાઇ સમૃદ્ધિ પામ.

## છેલ્લા મંગલરૂપ કળશ

રેખતા

જિનેંદ્ર યશ આજ મેં ગાયો ગયો અઘ દૂર મો મનકો;
શત આઠ કાવ્ય હું કરકે થુણે સબ દેવ દેવનકો....જિ૦-૧

( અનુસંધાન ટા. પેજ ત્રીજા પર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર
## ૬૦મા વર્ષનો રિપોર્ટ

[ સં. ૨૦૧૨ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી ]

આ સભાનો ૬૦મા વર્ષનો રિપોર્ટ તથા સરવૈયું આપની સમક્ષ રજૂ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આજથી સાઠ વરસ પહેલાં જ્યારે આપણી સમાજમાં આપણા સાહિત્યના પ્રકાશન અને પ્રચાર માટે ખાસ સંસ્થાઓ ન હતી, તે સમયે એટલે પ્રાતઃસ્મરણિય આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી માત્ર પચ્ચીસમા દિવસે, એટલે વિ. સ. ૧૯૫૨ના દ્વિતીય જેઠ સુધી ૨ના રોજ સ્વર્ગસ્થ આચાર્યદેવની પૂણ્યસ્મૃત્તિ સાથે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

આવી સંસ્થાઓના સંચાલનનો એ સમયે ખાસ કોઇને અભ્યાસ ન હતો, પરંતુ ગુરુદેવની કૃપાથી સભા દિનભરદિન પ્રગતિ સાધતી આવી. કલ્પના ન હતી કે ભાવનાનું એક નાનું સરખું બી સમય જતાં આટલું વિશાળ વડવૃક્ષ બની રહેશે, અને જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આટલી સુંદર પ્રગતિ સાધી શકશે.

પોતાના કર્તવ્ય ક્ષેત્રે યશસ્વી મંજીલ કાપતી સભા સાઠ વરસનું લાંબું આયુષ્ય ભોગવવા ભાગ્યશાળી થાય, એ સભાને મન ગૌરવવંતો પ્રસંગ છે. અને તેનો યશ પરમકૃપાળુ ગુરુદેવ, સંસ્થાના ભૂતપૂર્વ ઉત્સાહી કાર્યકરો અને તેને સાથ આપનાર ભારતભરના સાહિત્યપ્રેમી સભાસદોને ફાળે જાય છે.

વિ. સં. ૨૦૧૨ની સભાની કાર્યવાહી નીચે મુજબ છે:—

**ઉદ્દેશ**—જૈનશાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો, જૈન તેમજ જૈનેતરોમાં, ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

**સભ્યોના પ્રકારો**—

એકવીશ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેવી કોઇ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ ( પુરુષ અથવા સ્ત્રી ) અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઇ શકશે.

(૧) આ સંસ્થાને એકી સાથે રૂા. ૫૦૧ ) કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના **આશ્રયદાતા** ( Patron ) ગણાશે.

**નોંધ**—સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર આશ્રયદાતા થઇ શકશે નહીં.

(૨) આ સંસ્થાને એકી સાથે રૂા. ૧૦૧ ) થી ૫૦૦ ) સુધીની રકમ આપનાર આ સંસ્થાના **આજીવન સભ્ય** ( Life member ) ગણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નોંધ:**—કોઇ પણ સંઘ આજીવન સભ્ય થઇ શકશે નહીં. જાહેર જ્ઞાનભંડારને કે સંસ્થાને વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઇને આજીવન સભ્ય કરી શકાશે.

(૩) આ સંસ્થાને વાર્ષિક રૂા. ૫) નું લવાજમ ભરનાર **સામાન્ય સભ્ય** (Ordinary member) ગણાશે.

**સભાના સભાસદો—**

સં. ૨૦૧૨ની આખર સુધીમાં નોંધાએલ સભાના સભ્યોનો વિચાર કરતા અમારે કહેવું જોઇએ કે સભા તરફથી ઉચ્ચ કોટીનું જે સાહિત્ય-પ્રકાશન થઇ રહ્યું છે અને તે કાર્યમાં આપણા પૂજ્યપાદ વિદ્દ્‌મુનિવર્યો તેમજ વિદ્વાન્ ગૃહસ્થોનો જે સાથ મળી રહ્યો છે તેના પરિણામે સભા તરફ સૌનો સદ્‌ભાવ વધતો રહ્યો છે અને સભાના સભ્યગણમાં પણ સારો ઉમેરો થઈ રહ્યો છે. આપણે વધુ ખુશી થવા જેવું તો એ છે કે સભાના માનનીય પેટ્રનો, પ્રથમ વર્ગના આજીવન સભ્યો વગેરે જે આજ સુધીમાં નોંધાયા છે તે હિન્દભરના જુદા જુદા સ્થળોમાંથી નોંધાયા છે, એટલે આ સંસ્થાને સારાએ ભારતવર્ષે પોતાની માની લીધી છે. શિક્ષિત બ્હેનોએ પણ આ સભાના સભાસદ બની પોતાનો સાથ નોંધાવ્યો છે. આ દરેક હકીકત સભા માટે આનંદ અને ગૌરવના પ્રસંગ સમાન ગણાય. સં. ૨૦૧૨ની આખરે આ સભામાં નીચે પ્રમાણે સભ્યો નોંધાએલ છે:—

| | | | |
|---|---|---|---|
| **પેટ્રનો** | ૬૫ | **પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો** | ૫૬૧ |
| **બીજા વર્ગના લાઇફ મેમ્બરો** | ૧૦૩ | **ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો** | ૫ |
| **વાર્ષિક સભાસદો** | ૧૧ | **કુલ સભાસદો** | ૭૪૫ |

**નોંધ-આમાંથી બીજા તથા ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરોનો વર્ગ કમી કરવામાં આવ્યો છે.**

**સાહિત્ય વિષયક પ્રવૃત્તિ—**

સભાની મુખ્ય પ્રવૃત્તિ **જૈન શાસ્ત્રો** અને સાહિત્યના પ્રચારની છે, અને આ પ્રવૃત્તિને (૧ આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝ આમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે, તેના પ્રકાશનની વિગત નીચે પ્રમાણે છે.

**૧. આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા:—**પૂર્વાચાર્યોકૃત તાત્ત્વિક સાહિત્યના પ્રકાશન અંગે સં. ૧૯૬૬ માં આ ગ્રંથમાળા શરૂ કરવામાં આવી અને જુદા જુદા વિષયોને લગતા આજ સુધીમાં ૯૧ કીંમતી ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ, જૈન-જૈનેતર વિદ્વાનો, જ્ઞાનભંડારો તેમજ અમેરિકા, બ્રિટન, ચીન, જાપાન અને ટિબેટના સરકારી નામાંકિત ગ્રંથાલયોને રૂા. ૩૪૪૨૫)ની કિંમતના ગ્રંથો ભેટ તરીકે આપવામાં આવ્યા છે. તત્ત્વપ્રેમીઓની દુનિયામાં આ સાહિત્ય ઘણું ઉપયોગી અને પ્રશંસનીય લેખાયું છે.

હાલમાં આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી **પુણ્યવિજયજી મહારાજ**ની પ્રેરણા અને સહકારથી મુનિ મહારાજશ્રી **ભુવનવિજયજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી **જંબૂવિજયજી** મહારાજ દશ વર્ષથી અવિરત શ્રમ લઇને દર્શનશાસ્ત્રનો મહાન્ ગ્રંથ '**નયચક્ર**' તૈયાર કરી રહ્યા છે. ભારતીય દર્શનશાસ્ત્રના સાહિત્યમાં આ ગ્રંથ મહામૂલ્યવાન અને પ્રમાણભૂત ગણાય છે. ગ્રંથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો મોટો હોવાથી તે ત્રણ ભાગમાં ક્રમશ; પ્રગટ કરવામાં આવશે. તેનો પ્રથમ ભાગ તૈયાર થવા આવ્યો છે જે ટૂંક સમયમાં પ્રગટ કરવામાં આવશે. આ મૂલ્યવાન સાહિત્યસર્જન માટે સભા ઉભય પૂ. મુનિવર્યોની અત્યંત આભારી છે.

( ૨ ) **શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા:** પૂર્વાચાર્યોકૃત ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર, ઐતિહાસિક અને ધાર્મિક કથાનકો વગેરે વિધ-વિધ પ્રકારનું સાહિત્ય આ ગ્રંથમાળા દ્વારા સીરીઝ તરીકે તેમ જ સ્વતંત્ર પ્રકાશન તરીકે પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળામાં ૯૧ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે અને તે આ સભાના પેટ્રન તથા આજીવન સભ્યને ધોરણ મુજબ ભેટ આપવામાં આવે છે.

આ રીતે સભાસદ બન્ધુઓને અપાતા ભેટ પુસ્તકોથી તેઓને ત્યાં સંસ્કારી-સાહિત્યનું એક નાનું પુસ્તકાલય બની ગયું છે, જે ઘરના આબાલ-વૃદ્ધોને નિરંતર સંસ્કારી અને સંસ્કૃતિનું ઉચ્ચ પ્રેરણામૃત પાઇ રહેલ છે. આમ સભાના સભાસદો જ્ઞાનવૃદ્ધિનો આત્મિક લાભ મેળવી શકતા હોવાથી સભાના સભ્યોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહેલ છે.

રિપોર્ટવાળા વરસ દરમિયાન, શેઠ પરશોત્તમદાસ નાગરદાસના પુત્રી કમળાબેનના ટ્રસ્ટમાંથી શેઠ મનુભાઇ લાલભાઈ હસ્તક આર્થિક સહાય મળતાં "**કથારત્નકોષ**" ભાગ. ૨ જો પ્રગટ કરવામાં આવેલ છે. અને આ ગ્રંથ તેમજ દક્ષિણદીપક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-રત્ન કવિકુલતિલક મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીએ લખેલ "**આર્હતધર્મપ્રકાશ**" આમ બે પુસ્તકો સભાસદ બન્ધુઓને ભેટ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્વ. આચાર્ય વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ, કે જેઓશ્રીનો આ સભા ઉપર અત્યંત ઉપકાર હતો, તેઓશ્રીએ લખેલ તાત્વિક લેખોનો એક મહાન ગ્રંથ '**જ્ઞાનપ્રદીપ**' પ્રગટ કરવામાં આવેલ છે. આ ગ્રંથના પ્રકાશનમાં પાલનપુરના શ્રીસંઘે પૂરેપૂરી આર્થિક સહાય આપી છે તે બદલ તેમનો આ તકે આભાર માનવામાં આવે છે.

અમારી અભિલાષા તો બને તેટલું લોકભોગ્ય સાહિત્ય પ્રગટ કરવાની અને તેનો યોગ્ય પ્રચાર કરતા રહેવાની છે. ભાષાન્તરના મોટા ગ્રંથોની સાથોસાથ, લગભગ હજાર હજારના ખર્ચે નાના-નાના ગ્રંથો પ્રગટ કરવાની વિચારણા પણ સભાએ કરી છે. અને તેના ફલસ્વરૂપે સિદ્ધહસ્ત પ્રસિદ્ધ લેખક મુનિ મહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે લખેલ "જીવનસૌરભ" અને સુપ્રસિદ્ધ લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાકૃત "**ધર્મકૌશલ્ય**" આમ બે નાના ગ્રંથો પ્રગટ કરવાનો સભાએ નિર્ણય કર્યો છે જે તરતમાં પ્રગટ કરવામાં આવશે.

આ ઉપરાંત આ સભાના માનનીય મંત્રી સ્વ. શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, કે જેઓએ આ સભાની પ્રગતિમાં અપૂર્વ ભોગ આપ્યો છે તેમની સેવાના સ્મારકરૂપે એક ધાર્મિક સુંદર ગ્રંથ પ્રગટ કરવાનો સભાએ નિર્ણય કર્યો છે, જે હજુ અમો પ્રગટ કરી શકયા નથી. પરંતુ નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરવાની અમારી ભાવના છે. અને તે માટે યોગ્ય પ્રબંધ વિચારાઇ રહ્યો છે.

સાહિત્ય પ્રકાશનની દિશામાં જે નવો ઓપ લેવાતો આવે છે અને સભાએ આ દિશામાં જે પ્રવૃત્તિ કરવી જોઇએ, એ હિસાબે તો અમારે કહેવું જોઇએ કે હાલ અમો ખાસ કંઇ કરી શકયા નથી. સમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સંજોગો મુજબ પ્રકાશન પ્રવૃત્તિ જરા મંદ પડી છે. ગુરુદેવની કૃપા અને વિદ્વાન તથા શ્રીમંતોનાં સહકારથી અમો આ દિશામાં કંઈક કરી શકીએ તેમ પ્રાર્થીએ છીએ.

(૩) **જૈન આત્માનંદ શતાબ્દિ સિરીઝ:** આ ગ્રંથમાળાના 'શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર'-ના મૂળ ચાર પર્વો પ્રતાકારે તથા પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા છે. પાંચમા પર્વથી પ્રગટ કરવાની વિચારણા ચાલે છે. યોગ્ય સહાય મળ્યે તે શરૂ કરવામાં આવશે.

**અન્ય પ્રવૃત્તિ**

**શ્રી આત્માનંદજી ફ્રી લાઇબ્રેરી:** સભા હસ્તક એક વિશાળ લાયબ્રેરી સ્થાપવામાં આવેલ છે. તેમાં જૈનધર્મ અને નીતિ તથા અભ્યાસને અંગે રૂા. ૧૯૧૩૭ ની કીંમતના કુલ ૧૧૮૬૨ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમજ શ્રી ભક્તિવિજયજી મહારાજ, શ્રી લબ્ધિવિજયજી મહારાજનો સભા હસ્તક પ્રાપ્ત થએલ પ્રાચીન હસ્તલિખિત મૂલ્યવાન પ્રતોને એક અમૂલ્ય સંગ્રહ ખાસ સુરક્ષિત જ્ઞાન-મંદિર બંધાવી લોખંડના કબાટોમાં વ્યવસ્થિત રીતે રાખવામાં આવ્યો છે. આ સંગ્રહનો યોગ્ય ઉપયોગ પણ થઈ રહ્યો છે.

જૈન-જૈનેતર સામયિકો ધરાવતું એક વાંચનાલય સભાના વિશાળ ખંડમાં ચાલુ છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ:** સભાના મુખપત્ર તરીકે ૫૪ વરસથી આ માસિક પ્રગટ કરવામાં આવે છે જે સભાના સભાસદોને ભેટ અને વાર્ષિક ગ્રાહકોને માત્ર રૂા. ત્રણના લવાજમથી આપવામાં આવે છે. તે ઉપરાંત ગ્રાહકોને એક ભેટ પુસ્તક પણ આપવામાં આવે છે.

માસિકને અંગે અમારે કહેવું જોઇએ કે તેની ગ્રાહકસંખ્યા જોઇએ તેટલી મોટી ન હોવાથી તેમજ મુદ્રણ-કાગળ વગેરેની મોંઘવારીને અંગે આજે તે ખોટમાં ચાલે છે.

માસિકને વધુ સમૃદ્ધ બનાવવા માટે યોગ્ય વિચારણા કરવામાં આવેલ છે તેમજ વધુ ઉપયોગી અને અભ્યાસપૂર્ણ સાહિત્ય મેળવવા માટે લેખકોને યોગ્ય પુરસ્કાર આપવાનું ધોરણ પણ અખત્યાર કરવામાં આવેલ છે અને ધીમે ધીમે અમોને ઉચ્ચ કોટીના લેખકોનો સહકાર મળતો રહે છે પરંતુ માસિકને અંગેની મોટી ખોટ આવે છે તેનો યોગ્ય તોડ લાવવાની ચિન્તા સભાને સેવવાની રહે છે.

માસિકનાં સુજ્ઞ વાચકો અને માનનીય સભાસદ બંધુઓ આ પ્રશ્ન વિચારે, માસિકનો ગ્રાહકસંખ્યા વધારવામાં સહાયભૂત બને અને માસિકની લેખસામગ્રી વધુ રસવતી બનાવવામાં વિદ્વાન લેખકોનો વધુ ને વધુ સહકાર મળતો રહે તેમ આ તકે પ્રાર્થીએ છીએ.

**શિક્ષણ અને રાહતના ખાતાઓ:** સભા સાહિત્યોદ્ધાર ઉપરાંત શિક્ષણપ્રચાર અને રાહત-કાર્યને અંગે પણ રસ ધરાવે છે અને હાલમાં સભા હસ્તક નીચેના ખાતાઓ ચાલુ છે.

આ સભાએ સભાસદો દ્વારા ઉદ્ભવિત કરેલું પ્રાતઃસ્મરણીય પ્રવર્તક મુનિરાજશ્રી **કાંતિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડના** વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેમજ સભાને સ્વ. **શેઠ દેવચંદ દામજી**એ સુપ્રત કરેલ રકમના વ્યાજમાંથી ભાવનગરમાં મેટ્રિકમાં પ્રથમ તેમજ દ્વિતીય નંબરે પાસ થનાર શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને પ્રવર્તકશ્રીની સ્વર્ગવાસ તિથી અષાડ શુદ ૧૦ના રોજ જાહેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળાવડો યોજીને ચંદ્રકો આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તેની વ્યવસ્થા આ વર્ષથી જ શરૂ કરવાની ભાવના અમોએ વ્યક્ત કરી હતી પરંતુ હજુ અમો કંઇ કરી શકયા નથી તે બદલ દિલગીર છીએ. હવે તરતમાં આ અંગે યોગ્ય કરવામાં આવશે.

તદુપરાંત **શ્રી મૂળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી** ફંડના વ્યાજમાંથી તેમજ **સભા તરફથી** બંને પ્રકારની કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશિપો, પુસ્તકો વગેરે જૈન વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ આપવામાં આવે છે.

તેમજ અત્રે ચાલતી **શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સામાયિકશાળાને** રૂા. ૨૦) તથા **શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને** રૂા. ૧૨૫) પ્રતિવર્ષ ભેટ તરીકે આપવામાં આવે છે.

**શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટેનું રાહત ફંડ** તેમજ ભારત આઝાદ થયું તેની ખુશાલી નિમિત્તે **આઝાદ દિને** સભાએ અલગ મૂકેલ રૂા. ૧૦૦૦)ના વ્યાજમાંથી જરૂરિયાતવાળા જૈન બંધુઓને રાહત આપવામાં આવે છે. આજના યુગમાં "રાહત" કાર્ય જરૂરી અને આવશ્યક બન્યું છે તો આ ફંડ વધારી આપણા સ્વામીભાઇઓને વધુ રાહત કેમ આપી શકાય તેવી જાતનો સભાનો પ્રયાસ શરૂ છે. સખાવતી અને ઉદારદિલ જૈન બંધુઓનું અમે આ પરત્વે ધ્યાન ખેંચીએ છીએ.

**દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ**—પ્રાતઃસ્મરણીય **શ્રીઆત્મારામજી** મહારાજશ્રીની જન્મ તિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દરવર્ષે સભાસદ બંધુઓ પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થે જઇ, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આત્મારામજીની મૂર્તિ પાસે સિંહાસનમાં પ્રભુ પધરાવી તેમની પાસે પૂજા વગેરે ધાર્મિક કાર્યો કરી, સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ અપૂર્વ ભક્તિ-પ્રસંગ છે. ગુરુભક્તિના આ ઉત્તમ પ્રસંગ માટે ગુરુભકત ઉદારદિલ શેઠ **સકરચંદ મોતીલાલ મૂળજીભાઇએ** એક રકમ સભાને સુપ્રત કરી છે, તેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગસર વદિ છઠના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રીમૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ આ. **શ્રીવિજયકમલસૂરીશ્વરજી** મહારાજશ્રીની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલ ફંડના વ્યાજમાંથી ઉપરોકત દિવસોએ દેવગુરુની ભકિતપૂર્વક જયંતિઓ ઉજવવામાં આવે છે.

**સ્થાપના દિન ઉજવણી—**

આ સભાનો વાર્ષિક સ્થાપનાદિન–જેઠ શુદિ ૨ ના શુભ દિનની ઉજવણી અંગે **વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ** પોતાની હૈયાતિમાં સભાને આપેલ રૂા. ૧૦૦૦) રકમનું વ્યાજ અને પોતે કહી ગયેલ બાકીની રકમનું રૂા. ૧૫૦૦નું વ્યાજ, જે તેમના ધર્મપત્ની **શ્રી હેમકુંવર બહેન** દરવર્ષે આપે છે તે, આ બંને વ્યાજની રકમવડે થોડા વર્ષોથી અહીંને બદલે તળાજા તીર્થે જઇને **સ્થાપના-મહોત્સવ** ઉજવવામાં આવે છે. વોરા હઠીસંગભાઇએ બાકીની આપવા કહેલ રકમ તેઓશ્રીના **ધર્મપત્નીએ** સભાને હાલ આપી દેવા જણાવેલ છે. આ રકમથી તીર્થયાત્રા થવા સાથે દેવગુરુભક્તિ વગેરેનો **સભાસદ બંધુઓને** લાભ મળતો હોવાથી આત્મકલ્યાણમાં વૃદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મહોત્સવ ઉજવવામાં આજની મોંઘવારીને અંગે ખર્ચમાં થોડી તૂટ પડે છે તો દાતાને વિનંતી કે તેઓ પોતે આપેલ રકમમાં યોગ્ય ઉમેરો કરી પરિપૂર્ણ વ્યવસ્થા થાય તેવો તોડ ઉતારે. શેઠ શ્રી હઠીસંગભાઇના ધર્મપત્ની હેમકુંવરબેન શેઠશ્રીની પૂણ્ય સ્મૃતિ અંગે બોર્ડીંગ, મહોત્સવ, વગેરે શુભ કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી રહ્યા છે ત્યારે સાથોસાથ તેઓશ્રીની સ્મૃતિરૂપે ઉજવાઈ રહેલ આ મહોત્સવના ખર્ચને પહોંચી વળવા યોગ્ય રકમ તે અંગેના ફંડમાં ઉમેરશે તેવી આશા રાખીએ છીએ.

આવી જ એક વિનંતી પ્રાતઃસ્મરણીય મુનિ મહારાજ શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ જયન્તી અંગે તેઓશ્રીના શિષ્યમંડળને છે. આ જયન્તી અંગે સભા પાસે ફંડ તો પડ્યું છે અને પૂર્વે આ દિવસે સભાના સમાસદ બન્ધુઓને પ્રીતિભોજન આપવામાં આવતું પણ હતું, પરંતુ જો જમણ કરીએ તો તેમાં પણ મોંઘવારીને અંગે તુટ આવે તેમ છે. એટલે થોડી રકમ જો ફંડમાં ઉમેરવામાં આવે તો જયન્તી પ્રસંગે યોગ્ય કરવામાં આવે આચાર્યશ્રી વિજય કમળસૂરીશ્વરજી મહારાજનો મોટો શિષ્યસમુદાય આજે આપણા મુનિમંડળમાં સારું સ્થાન ધરાવે છે. તેઓશ્રી જો યોગ્ય પ્રેરણા કરતા રહે તો આ કાર્ય સહજમાં કરી શકાય તેમ છે. આશા છે આ બાબત તેઓશ્રી યોગ્ય કરી આ સભાને આભારી કરશે.

**આનંદ મેળાપ**—દર બેસતા વર્ષે આ સભાના કાયમી પ્રમુખ શેઠ **શ્રીયુત ગુલાબચંદ આણંદજીએ** આપેલ રકમના વ્યાજમાંથી ઠરાવ મુજબ સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે.

**જ્ઞાનપૂજન**—દરવર્ષે કાર્તિક શુદ ૫ (જ્ઞાનપંચમી)ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

## સેવાનું સ્મારક

આ સભાના આત્મા સમાન માનનીય મંત્રી, ભાઇ સ્વ. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીની સેવાની સ્મૃતિ જાળવી રાખવા માટે સભાના હોલમાં તેઓશ્રીનું તૈલચિત્ર ખુલ્લું મૂકવાનો ઠરાવ સભાએ કર્યો હતો તે અનુસાર પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની સાનિધ્યમાં એક મેળાવડો યોજીને ગાંધી હરખચંદ વીરચંદ મહુવાનિવાસીના હસ્તે શ્રીયુત વલ્લભદાસભાઈનું તૈલચિત્ર ખુલ્લું મૂકવામાં આવેલ છે.

આમ તેઓશ્રીનું તૈલચિત્ર ખુલ્લું મૂકવા ઉપરાંત, સદ્ગતની સાહિત્ય પ્રકાશનની ભાવનાને વ્યક્ત કરવા, તેઓશ્રીની સ્મૃતિરૂપે રૂા. પાંચેક હજારના ખરચે એક ધાર્મિક ગ્રંથ પ્રગટ કરવાનો નિર્ણય સભાએ કર્યો હતો, અને આ કાર્યના સમર્થનમાં, સદ્ગતના શુભેચ્છકોએ રૂા. ૨૪૧૯નું એક સ્મારક ફંડ એકત્ર કરી સભાને આપેલ છે. તે ગ્રંથ પ્રગટ કરવાની ભાવના ઉપર દર્શાવી તેમ સભા સેવી રહેલ છે અને તે કાર્ય હવે નજીકના ભવિષ્યમાં હાથ ધરવામાં આવશે.

## આભાર દર્શન

સભાનો વિકાસ તો અનેક વિદ્વાન મુનિવર્યો, વિદ્વાનો, શ્રીમંતો અને દાનવીરોના સહકારને આભારી છે. કોઇએ પોતાની વિદ્વત્તાનો સતત લાભ આપી સભાની સાહિત્ય-પ્રકાશન પ્રવૃત્તિને દીપાવી છે તો કોઇએ પોતાની સુકમાઇનો દાનપ્રવાહ સભા તરફ વહેતો રાખી સભાના કાર્યને વેગ આપ્યો છે. એ સૌનો વ્યક્તિગત જુદો જુદો આભાર ન માનતાં સમગ્ર રીતે આ તકે આભાર માનીએ છીએ. એમ છતાં આ સભાના સાહિત્ય-પ્રકાશનના ગૌરવમાં ઓર વધારો કરી રહેલા અને સભાના અભ્યુદય માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત ચિંતન સેવી રહેલાં આગમ-પ્રભાકર મુનિવર્ય **શ્રી પુણ્યવિજયજી** મહારાજ, મુનિવર્ય **શ્રી જંબૂવિજયજી** મહારાજ આદિનો આભાર માન્યા વિના અમો રહી શકતા નથી. ઈચ્છીએ કે તેઓશ્રીની પ્રેરણા અને સહકારથી અનેક શુભ પ્રવૃત્તિઓ કરવા માટે સભા ભાગ્યશાળી બને.

**અભિલાષા અને મનોરથો**

જૈન સમાજના શ્રદ્ધાળુ શ્રીમંત બંધુઓ, સાહિત્યપ્રિય અને વિચારશીલ બંધુઓ આ રિપોર્ટ વાંચી સભાની ચાલતી વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થઇ કાર્યવાહકોની આ કલ્યાણકારી કાર્યવાહીમાં જોડાઇને ઉપર્યુક્ત રત્નત્રયીની ભક્તિ કરવાપૂર્વક જે જે અનુકરણીય અને આત્મહિતકર જણાય તે તે ગ્રહણ કરે તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ. ક્રમબદ્ધ વિકાસ સધતી આ સભાને નજીકના જ ભવિષ્યમાં “હીરક મહોત્સવ” ઊજવવાની સુભાગી તક પ્રાપ્ત થશે, તે આપ સર્વની સ્નેહભરી અમીદ્રષ્ટિનું જ પરિણામ અમો માનીએ છીએ અને આ સભાએ સાહિત્ય ક્ષેત્રમાં દેશ-પરદેશમાં જે કંઇ નામના પ્રાપ્ત કરી છે તેમાં પ્રતિદિન સવિશેષ પ્રગતિ થાય એમ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

સં. ૨૦૧૪, મહા શુદ ૧૫
તા. ૨૮-૧-૫૮

**વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ**
**જાદવજી ઝવેરભાઈ શાહ**
માનદ મંત્રીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૨ના આસો વદી અમાસના રોજ

**શ્રી જ્ઞાન ખાતે :**

| | | |
|---|---|---|
| શ્રી પાટણના કાગળ ખાતે: | ૧૯૩૭-૮-૦ | |
| પુસ્તક પસ્તી વેચાણ તથા પરચુરણ આવક | ૬૭૭-૦-૬ | |
| | | ૨૬૧૪-૮-૬ |

**શ્રી જ્ઞાન ખાતે તૂટના તે સરવૈયામાં લઇ ગયા તે:** ૨૬૨૦-૧૪-૦

**શ્રી મેમ્બરશીપ ખાતે:**

| | | |
|---|---|---|
| વાર્ષિક મેમ્બર ફી. | ૫૦-૦-૦ | |
| લાઇફ મેમ્બરના સ્વર્ગવાસનો હવાલો. | ૫૫૦-૦-૦ | |
| મકાન ભાડું. | ૨૫૧૩-૮-૦ | |
| વ્યાજ | ૧૯૯-૬-૦ | |
| | | ૩૩૧૨-૧૪-૦ |

કુલ રૂપીઆ ૮૫૪૮-૪-૬

રાજકોટ તા. ૨૫-૧૦-૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા—ભાવનગર

## પૂરા થતાં વર્ષનો આવક–ખર્ચનો હિસાબ.

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે.** | | |
| પગાર ખાતે. | ૧૧૮–૦–૦ | |
| વીમા ખાતે. | ૧૨૭–૮–૦ | |
| ન્યુસપેપર ખાતે. | ૨૮૪-૧૨-૦ | |
| લાયબ્રેરી ખાતે. | ૨૩૭–૬–૦ | |
| ટપાલ ખર્ચ. | ૩૪-૧૫-૬ | |
| જાહેરખબર ખાતે. | ૭૯–૬–૦ | |
| સ્ટેશનરી ખાતે. | ૬૨-૧૨-૯ | |
| પરચુરણ ખર્ચ. | ૮૪-૧૪-૦ | |
| છપામણી ખાતે. | ૧૫૦–૦–૦ | |
| ઉજમબાઇ કન્યાશાળાને મદદના. | ૧૨૫–૦–૦ | |
| વૃદ્ધિચંદ્રજી સામાયિકશાળાને મદદના. | ૨૦–૦–૦ | |
| આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૩ના તૂટના | ૨૨૯૭–૭–૬ | |
| અનેકાન્ત ઈંગ્રેજી પુસ્તકના તૂટના. | ૧૧૩૫–૬–૦ | |
| એ. બી. સી. બેંકના લેણા લખી વાળ્યા. | ૪૨૨-૧૩-૬ | |
| સરવૈયા ફેરના લખી વાળ્યા. | ૫૫–૧–૩ | |
| | | ૫૨૩૫–૬–૬ |
| **શ્રી મેમ્બરશીપ ખાતે.** | | |
| પગાર ખાતે. | ૧૫૭૨–૦–૦ | |
| પ્રીન્ટીંગ ખાતે. | | |
| સ્ટેશનરી ખાતે. | ૧૦–૭–૦ | |
| વિજળી બત્તી ખાતે. | ૮૩–૮–૦ | |
| મુસાફરી ખર્ચ | ૧૨–૬–૦ | |
| પરચુરણ ખર્ચ. | ૪૪૮-૧૫-૯ | |
| જયંતી ખાતાઓમાં તૂટના. | ૧૦૬–૬–૩ | |
| વ્યાજ ખાતે | ૭-૧૪-૦ | |
| વિમો. | ૮૯-૧૫-૦ | |
| ઓડીટ ફી. | ૫૦–૦–૦ | |
| | | ૨૩૮૧–૮–૦ |
| **શ્રી મેમ્બરશીપ ખાતાના વધારાને નીભાવ ફંડ ખાતે લઈ ગયા તે.** | | ૯૩૧–૬–૦ |
| | કુલ રૂપીઆ. | ૮૫૪૮–૪–૬ |

અમારા રિપોર્ટ પ્રમાણે

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૨ના આસો વદી

### ફંડ તથા દેવું

**શ્રી નીભાવ ફંડ ખાતે :**

| | | |
|---|---|---|
| ગયા વર્ષના સરવૈયા મુજબ : | ૩૧૯૭-૧૦-૬ | |
| ઉમેરો : વર્ષ દરમીયાન વધારો આવક ખર્ચ ખાતાના હિસાબ મુજબ | ૯૩૧-૬-૦ | |
| | | ૪૧૨૯-૦-૬ |

**શ્રી ફંડ ખાતે :**

| | | |
|---|---|---|
| પેટ્રન તથા લાઈફ મેમ્બરશીપ ફંડ : | ૭૬૯૩૧-૦-૦ | |
| ગુજરાતી સીરીઝ ખાતે : | ૩૫૬૫૧-૦-૦ | |
| જયંતી ફંડ ખાતે : | ૧૧૨૭૬-૧૫-૬ | |
| જ્ઞાન ખાતે પુસ્તકો છપાવવા માટે : | ૪૦૧૨-૨-૬ | |
| જુદા જુદા ફંડો ખાતે : | ૧૪૨૮૧-૧૨-૦ | |
| | | ૧૪૨૧૫૨-૧૪-૦ |

**શ્રી દેવું :**

| | | |
|---|---|---|
| લાયબ્રેરી ડીપોઝીટ : | ૯૫-૦-૦ | |
| બુકસેલરોનું દેવું : | ૯૧૮-૧૪-૬ | |
| પરચુરણ દેવું : | ૩૧-૮-૦ | |
| | | ૧૦૪૫-૬-૬ |

**શ્રી સરવૈયા ફેરના :** ૨૭-૧૫-૯

કુલ રૂપીઆ ૧૪૭૩૫૫-૪-૯

### ઓડીટર્સ રિપોર્ટ.

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરનું સંવત ૨૦૧૨ ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તે જ દિવસે પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યો છે અને તે અમારા જુદા રીપોર્ટને આધીન રહીને ખરો માલુમ પડયો છે.

રાજકોટ તા. ૨૫-૧૦-૫૭

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું.

### મીલ્કત તથા લ્હેણું

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| વેચાણુ પુસ્તક સ્ટોક : | ૨૪૪૭૩–૭–૬ | |
| કાગળ તથા અન્ય સ્ટોક : | ૩૪૬–૫–૦ | |
| પુસ્તક તૈયાર કરવામાં થયેલ ખર્ચ : | ૨૬૪૧–૩–૩ | |
| જ્ઞાન ખાતે તૂટના : | ૩૩૮૦–૯–૦ | |
| | | ૩૦૮૪૧–૮–૯ |
| **શ્રી મકાનો ખાતે :** | | ૯૪૭૯૧-૧૪-૦ |
| **શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે :** | | |
| ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડમાં | ૧૦૦૦૦–૦–૦ | |
| મહાલક્ષ્મી મીલના શેરમાં : | ૨૦૦–૦–૦ | |
| | | ૧૦૨૦૦–૦–૦ |
| **શ્રી લોન ( તારણ વગરની )** | | |
| કમીટીના સભ્યો પાસે : | | ૬૦૦૦–૮–૦ |
| **શ્રી લેણું :** | | |
| બુકસેલર્સ પાસે : | ૧૧૬૯–૧૧–૬ | |
| મેમ્બર્સ પાસે : | ૩૫–૦–૦ | |
| ભાડાનું લેણું : | ૩૮૨–૧૨–૬ | |
| પરચુરણ લેણું : | ૬૧૬–૧૫–૬ | |
| | | ૨૨૦૪–૭–૬ |
| **શ્રી બેંકમાં તથા રોકડ પુરાંત :** | | |
| બેંકમાં સેવીંગ્સ ખાતામાં : | ૨૦૬૯–૦–૦ | |
| બેંકમાં ચાલુ ખાતામાં : | ૭૭૨–૪–૦ | |
| પોસ્ટેજ સ્ટેમ્પસ : | ૭૨–૮–૬ | |
| શ્રી પુરાંત પ્રમુખ સાહેબ પાસે : | ૩૦૦–૦–૦ | |
| શ્રી પુરાંત : | ૧૦૩–૨–૦ | |
| | | ૩૩૧૬–૧૪–૬ |
| | કુલ રૂપીઆ : | ૧૪૭૩૫૫–૪–૯ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સં. ૨૦૧૨ ની સાલ સુધીમાં થયેલ પેટ્રન સાહેબોની નામાવલિ

૧ શેઠ ચંદુલાલ સારાભાઇ મોદી બી. એ.
૨ રા. બ. શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ માણેકચંદ જેચંદભાઇ
૪ " રતીલાલ વાડીલાલ
૫ " માણેકલાલ ચુનીલાલ જે. પી.
૬ " કાન્તિલાલ બકોરદાસ
૭ રાવ બહાદુર શેઠ નાનજીભાઇ લધાભાઇ
૮ " ભોગીલાલભાઇ મગનલાલ
૯ " પદમશીભાઇ પ્રેમજીભાઈ
૧૦ " રમણિકલાલ ભોગીલાલભાઇ
૧૧ " મોહનલાલ તારાચંદ જે. પી.
૧૨ " ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૩ " ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૪ " રમણિકલાલ નાનચંદ
૧૫ " દુર્લભદાસ ઝવેરચંદ
૧૬ " દલીચંદ પુરૂષોત્તમદાસ
૧૭ " ખાન્તિલાલ અમરચંદ વોરા
૧૮ રાવ બહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૧૯ શેઠ અમૃતલાલ કાલીદાસ
૨૦ " ખુશાલદાસ ખેંગારભાઈ
૨૧ " કાન્તિલાલ જેશીંગભાઇ
૨૨ " ચંદ્રકાન્તભાઇ ઉજમશી
૨૩ " પુંજાભાઈ દીપચંદ
૨૪ " લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૫ " કેશવલાલ લલ્લુભાઈ
૨૬ શાહ ઓધવજીભાઇ ધનજીભાઇ, સોલિસિટર
૨૭ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૮ " સારાભાઇ હઠીસીંગ
૨૯ " રમણભાઇ દલસુખભાઈ
૩૦ " જમનાદાસ મોનજીભાઈ ઝવેરી
૩૧ " વીરચંદ પાનાચંદ
૩૨ " હીરાલાલ અમૃતલાલ બી. એ.
૩૩ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૪ શાહ લવજીભાઇ રાયચંદ
૩૫ ,, પાનાચંદ લલ્લુભાઇ
૩૬ શેઠ કસ્તુરભાઇ લાલભાઈ
૩૭ ,, પરશોત્તમદાસ મનસુખલાલ તારવાળા
૩૮ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૩૯ શેઠ છોટાલાલ મગનલાલ
૪૦ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૪૧ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી
૪૨ ડૉકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઈ મહેતા
૪૩ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી
૪૪ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૪૫ ,, ખીમચંદ લલ્લુભાઈ
૪૬ ,, પુરુષોત્તમદાસ સુરચંદ
૪૭ ,, કેશવજીભાઈ નેમચંદ
૪૮ ,, હાથીભાઇ ગલાલચંદ
૪૯ ,, અમૃતલાલ ફૂલચંદ
૫૦ ,, વનમાળી ઝવેરચંદ
૫૧ ,, ખીમચંદ મોતીચંદ સરવૈયા
૫૨ ,, રમણલાલ જેશંગભાઇ ઉગરચંદ
૫૩ ,, મગનલાલ મૂળચંદભાઇ
૫૪ ,, નરોત્તમદાસ શામજીભાઈ
૫૫ ,, કેશવલાલ બુલાખીદાસ
૫૬ ,, ચીમનલાલ મગનલાલ
૫૭ ,, રતિલાલ ચત્રભુજ
૫૮ ,, પોપટલાલ ગિરધરલાલ
૫૯ ,, કાન્તિલાલ હીરાલાલ કુસુમગર
૬૦ ,, સાકરલાલ ગાંડાલાલ વેલાણી
૬૧ ,, હરખચંદ વીરચંદ
૬૨ ,, ચંદુલાલભાઇ વર્ધમાન
૬૩ ,, છોટાલાલ ભાઇચંદભાઇ
૬૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( પૃષ્ઠ ૬૪ નું અનુસંધાન )

તપગચ્છ ગગન રવિ રૂપા હુઆ વિજયસિંહ ગુરુ ભૂપા;
સત્ય કર્પૂરવિજય રાજા ક્ષમા જિન ઉત્તમ તાજા....જિ૦-૨

પદ્મ ગુરુ રૂપ ગુણભાજા કીર્તિ કસ્તુર જગ છાજા;
મણિ બુધ જગતમેં ગાજા મુક્તિ ગણી સંપ્રતિ રાજા....જિ૦-૩

વિજય આનંદ લઘુ નંદા નિધિ શશી અંક હે ચંદા; (૧૯૧૯)
અંબાલે નગરમેં ગાયો નિજાતમ રૂપ હું પાયો...જિ૦-૪

**અર્થ**—હે પ્રભુ, આજ આપની યશઃકીર્તિનું ગાન કર્યું તેથી મારા મનના પાપો દૂર ગયા. દેવના દેવ શ્રી તીર્થંકર દેવની એકસો ને આઠ કાવ્યોવડે અમે સ્તુતિ કરી.

હવે આ પૂજાના રચયિતા શ્રી **આત્મારામજી મહારાજ** બીજા નામમાં શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબની ગુરુ–પરંપરાની પટાવલી કહે છે :-શ્રી તપગચ્છરૂપ આકાશમાં સૂર્ય સમાન શ્રી વિજય સિંહસૂરીશ્વરજી થયા. પછી સત્યવિજયજી, પછી કર્પુરવિજયજી, પછી ક્ષમાવિજયજી, પછી જિનવિજયજી, પછી ઉત્તમવિજયજી, પછી પદ્મવિજયજી, પછી શ્રી મણિવિજયજી દાદા થયા. આ મુનિપુંગવો પટ્ટસ્થ હતા. તેમના શિષ્ય શ્રી બુટેરાયજી ( શ્રી બુદ્ધિવિજયજી થયા ) તેમના મોટા શિષ્ય શ્રી મુલચંદજી મહારાજ ( શ્રી મુક્તિવિજયજી ગણી ), તેમનાથી નાના ગુરુભાઈ શ્રી **આત્મારામજી** (વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજ થયા. તેમણે વિક્રમ સંવત ૧૯૧૯માં પંજાબમાં અંબાલા શહેરમાં આ પૂજાની રચના કરી. કવિ કહેતાં કહેતાં પોતાના આંતરિક ઉદ્ગારો જણાવે છે કે–હું આ પૂજાની રચનાથી મારા મૂળ આત્માનું સ્વરૂપ પામ્યો–કૃતાર્થ થયો.

## આત્મ સુધારણા

**લોકમાનસ એવા પ્રકારનું છે કે, એ પારકાના દોષો ગણ્યા કરે, પણ પોતાનો તો એક પણ દોષ યાદ ન કરે; પણ આપણે આપણું માનસ એવું કેળવવું જોઇએ કે જેથી આપણને આવા પ્રકારની વિચારણા આવે; ' મારા દોષો બતાવનાર આ મારો ઉપકારી છે. એણે મારા દોષો ન બતાવ્યા હોત તો હું કેમ સુધરત ? ' લોકમાનસ કદાચ આપણે ન સુધારી શકીએ, પણ આપણે આપણું માનસ તો સુધારી શકીએ ને ?**

**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ( ચિત્રભાનુ )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# સર્વશ્રેષ્ઠ ઉપાય : જપયજ્ઞ

જપયજ્ઞનો એ અર્થ છે કે ઇશ્વરનું નામ જપીજપીને પરમાત્માને પ્રાપ્ત કરવા. આ જપ કરવાની રીત યંત્રવત્ ન જ હોવી જોઈએ. ઘણા માણસો યંત્રવત્ ઇશ્વરનું નામ જપે છે અને કોઇ પ્રકારનું ઈષ્ટફલ પામી શક્તા નથી. નામ અને રૂપ બન્ને એક જ હોવાથી જપ કરતી વખતે ઈશ્વરના નામ સાથે મન તદાકાર થયું હોવું જોઈએ. પૂરા સ્નેહથી અને ભક્તિભાવથી જ્યારે તમે ઇશ્વરનું નામ લો છો, ત્યારે તેનો સ્વાદ અમૃત કરતાં પણ વધારે મધુર હોય છે; કારણ કે એમ કરવાથી તમારા અંતઃકરણમાં છુપાઈ રહેલો આનંદ તમે બહાર લાવો છો. જે ક્ષણે તમે ઇશ્વરના નામનો જપ શરૂ કરો છો, તે જ ક્ષણે તમે વર્ણવી ન શકાય તેવો આનંદ અનુભવો છો. હકીકતે તો નામ લેવું તે કોઇના દૂરના ધ્યેય માટેના સાધના નથી, પણ ધ્યેય પોતે જ છે. જો તમે તમારા મોંમાં સાકરનો ગાંગડો મૂકશો. તો તેનો સ્વાદ આવતાં કંઇ વાર લાગશે નહિ. એ જ રીતે તમે દેવી નામ લેવાનું શરૂ કરો કે તરત તેનો આનંદ તમે અનુભવશો.

એવા ઘણા માણસો છે કે જેઓ નામજપ કર્યા કરે છે અને કહે છે કે તેમાંથી તેમને કોઈ આનંદનો લાભ મળતો નથી. જો બીજી કોઈ પણ વસ્તુ કરતાં વિશેષ રીતે તમને ઇશ્વરમાં પ્રેમ હોય તો તમને તેનું નામ તે જ ક્ષણે આનંદદાયી થઇ પડશે. જે વિષયને તમે તમારા પૂરાં દિલથી ચાહતા હો એના વિચારમાત્રથી તે તમને આનંદ આપે છે. દાખલા તરીકે માતા પોતાના બાળકને ચાહે છે અને તેથી પોતાના બાળકનું નામ એને ઘણું પ્યારું અને મધુર લાગે છે. આ અનુભવ દરેક માતાનો છે. તમે જેને ચાહતા હો તેવો તમારો એક મિત્ર હોય તો એ મિત્રનું નામ પણ તમને આનંદ આપે છે. એવી જ રીતે જ્યારે તમે તમારું હૃદય પૂરેપૂરું ઇશ્વરને સોંપી દો અને તેનું નામસ્મરણ કરો, તો, એ તમને અતિશય મધુર લાગવું જ જોઇએ.

[ 'સ્વામીશ્રી રામદાસનો ઉપદેશ' ]

મુદ્રક અને પ્રકાશક :–હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રી. પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only